CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૦૮
તા.૧૭-૧૨-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૪ માગસર વદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૭ સૂર્યાસ્ત : ૦૫:૫૭

તાપમાન: ડીસા ૧૩.૪, અમદાવાદ ૧૪.૬, ગાંધીનગર ૧૬.૮, વડોદરા ૧૬.૧, સુરત ૧૭.૨, નલિયા ૮.૬

ચાંદી : ૩૭,૫૦૦ સોનું : ૨૯,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# કોંગ્રેસમાં આજથી 'રાહુલ' યુગનો પ્રારંભ

## એઆઈસીસી હેડક્વાર્ટર ખાતે ભવ્ય કાર્યક્રમ યોજાયો : મનમોહનસિંહ, પૂર્વ મુખ્યમંત્રી, મુખ્યમંત્રીઓ, સાંસદો તથા અન્યો ઉપસ્થિત : વાઢેરા પણ હાજર




નવી દિલ્હી

કોંગ્રેસના પ્રમુખ તરીકે આખરે આજે રાહુલ ગાંધીની તાજપોશી કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક વર્ષોથી તેમને કોંગ્રેસના પ્રમુખ બનાવવા માટેની હિલચાલ ચાલી રહી હતી. આખરે આજે તેમની નિમણૂંક કરવામાં આવી હતી. રાહુલ ગાંધીની કોંગ્રેસના પ્રમુખ તરીકે વિધિવતરીતે તાજપોશી કરવામાં આવ્યા બાદ કોંગ્રેસના કાર્યકરોએ દેશભરમાં ઉજવણી કરી હતી. રાહુલ ગાંધી ઉપર શુભેચ્છાઓનો વરસાદ પણ થયો હતો. મોટાભાગના રાજકીય પક્ષોએ પણ રાહુલ ગાંધીને શુભેચ્છા પાઠવી હતી. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી કોંગ્રેસની જુની પરંપરાને સફળરીતે આગળ વધારશે. તેમનામાં તમામ પ્રકારની કુશળતા રહેલી છે. જો કે, રાહુલ ગાંધી સામે શ્રેણીબદ્ધ નવા પડકારો પણ રહેલા છે. કોંગ્રેસ પાર્ટીની તાજેતરના સમયમાં એક પછી એક રાજ્યોમાં હાર થઇ રહી છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ પાર્ટીમાં નવા પ્રાણ ફૂંકવાની સાથે સાથે આવનાર સમયમાં યોજાનારી વિધાનસભાઓની ચૂંટણીમાં કોંગ્રેસની સ્થિતિને સુધારવાની પણ મોટી જવાબદારી રહેશે.

## વિચાર વૈભવ...

લાલબહાદુર શાસ્ત્રી પ્રખર ગાંધીવાદી, સરળ સ્વભાવના, નમ્ર અને સાદગી સાથે જ સત્તા પર રહ્યા, ૧૯૬૫ માં અન્નની કટોકટી થઈ જ્યારે જાતે એકટાણાં કરી દેશને સોમવારના એકટાણાં કરવાનું સુચન કર્યું...

આજના બાળકો -યુવાનો વડીલની વાત સાંભળી અમલમાં મુકવાનું તો બાજુએ રહ્યું પણ આદરભાવ બબતાવવા સ્મિત પણ નથી આપતા, તો પછી 'ચરણ સ્પર્શ અને 'વંદન' ની અપેક્ષા તો રખાય જ કેમ?

એકવાર લાલબહાદુરના દૂરના વડીલ એમને ત્યાં મળવા આવ્યા, શાસ્ત્રીજીએ તો ચરણ સ્પર્શ કર્યા જ પણ દૂર બેઠેલા પુત્ર અનિલને પણ બોલાવી વડીલના ચરણસ્પર્શ કરવા સૂચના આપી.

અનિલને ગમ્યું નહીં પણ પરાણે હાથ ખિસ્સામાં જ રાખી સ્રીઓ હનુમાનજીને નમે એમ માત્ર માથું અર્ધું નમાવ્યું. શાસ્ત્રીજીએ આ ઉછ્રંખલતાની નોંધ લીધી. પછી રાત્રે તેઓશ્રી અનિલના રૂમમાં ગયા અને અનિલને ખંડની વચ્ચોવચ ઊભો રાખ્યો અને શાસ્ત્રીજી નામી બંને હાથે તેના પગના બંને અંગૂઠાને સ્પર્શ કરી વંદન કરતા બોલ્યા, 'વડીલ, હું લાલબહાદુર, આપને વંદન કરું છું.'

અનિલ તો ગભરાઈ જ ગયો. કંઈ સમજ ન પડી. પછી શાસ્ત્રીજીએ કહ્યું, 'હું તને વંદન કરવાની સાચી પદ્ધતી જ સમજાવવા માગતો હતો.'

અનિલને બપોરનો પ્રસંગ યાદ આવી ગયો.

- સુરેશ પ્રા.ભટ્ટ

## રાહુલ હવે વધુ મજબૂતી સાથે ઉભરી રહ્યા છે : સોનિયા

નવી દિલ્હી

કોંગ્રેસ પ્રમુખ તરીકેની જવાબદારીમાંથી મુક્ત થતી વેળા સોનિયા ગાંધીએ પણ આજે સંબોધન કર્યું હતું. અલબત્ત સોનિયા ગાંધીમાં પાર્ટી પ્રમુખ તરીકેના સંબોધન વેળા ફટાકડા ફોડવામાં આવતા સોનિયા ગાંધીને સંબોધન વેળા તકલીફ થઇ હતી અને તેમને વારંવાર તેમના ભાષણને ટુંકાવી દેવાની ફરજ પડી હતી. સોનિયા ગાંધીને ભાષણ રોકવાની અને પાર્ટીના નેતાઓને ઉજવણી થોડીકવાર પછી કરવા સૂચના આપવાની ફરજ પડી હતી.

### ૧૮૨ બેઠક દીઠ તમામ હોલમાંથી વેબ કાસ્ટીંગ

# મતગણતરી : ૩૩ શહેરોમાં કંટ્રોલરૂમ કાર્યરત કરાશે

અમદાવાદ

ગુજરાત વિધાનસભા ચૂંટણીના બંને તબક્કાના મતદાન બાદ હવે તા.૧૮મીની મતગણતરી પર ગુજરાત સહિત દેશ અને દુનિયાની નજર મંડાઇ છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા મતગણતરીની પ્રક્રિયાને આખરી ઓપ અપાઇ ગયો છે અને મતગણતરીની નિષ્પક્ષ અને તટસ્થ પ્રક્રિયા હાથ ધરવા માટેના તમામ આયોજન હાથ ધર્યા છે. ચૂંટણી પંચ દ્વારા મતગણતરીને લઇ રાજયના ૩૩ શહેરોમાં કંટ્રોલરૂમ કાર્યરત રહેશે, જે પરિણામોની સતત અને લાઇવ જાણકારી અપડેટ કરતા રહેશે. આ સિવાય ૩૦હજારથી વધુ કર્મચારીઓ મતગણતરીની પ્રક્રિયામાં જોતરાશે. આ અંગે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી.સ્વૈનએ જણાવ્યું હતું કે, તા.૧૮મી ડિસેમ્બરે મતગણતરીને લઇ ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવાઇ છે અને ઈવીએમ-વીવીપેટની સુરક્ષાને લઇને પણ ખાસ તકેદારી રાખવામાં આવી છે. મત ગણતરીને લઇને તા.૧૮મીએ સમગ્ર રાજયમાં કુલ ૩૩ જેટલા કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. જેમાં અમદાવાદમાં ત્રણ, વડોદરા અને સુરતમાં બે-બે, જયારે રાજયના અન્ય જિલ્લાઓમાં એક-એક કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. મુખ્ય કંટ્રોલરૂમ ગાંધીનગર ખાતે કાર્યરત રહેશે. આ સિવાય અમદાવાદ સરકીટ હાઉસ, એનેક્સી ખાતે મીડિયા સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે, જયાંથી રાજયભરના જે કન્ફર્મ પરિણામ આવી ગયા હશે તેની માહિતી જારી કરાશે. મતગણતરીની પ્રક્રિયામાં આશરે ૩૦ હજારથી વધુ કર્મચારીઓ જોતરાશે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ઈવીએમ અને વીવીપેટ મશીનોની સુરક્ષાને લઇ સ્ટ્રોંગ રૂમ ખાતે સ્થાનિક પોલીસ ઉપરાંત સેન્ટ્રલ અને પેરામિલેટ્રી ફોર્સના જવાનો સહિતના સુરક્ષા જવાનો ખડેપગે તૈનાત છે.

# બનાસ ડેરીના જનરલ ફેટમાં દસ વર્ષ બાદ વધારો થયો : પશુપાલકોમાં હરખની હેલી



દૂધ ઉત્પાદકોની જીવા દોરી સમાન બનાસ ડેરી વિકાસની હરણફાળ ભરી રહી છે. એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના ત્રણ લાખ પચ્ચાસ હજાર કરતાં પણ વધુ દૂધ ઉત્પાદકો -સભાસદો છે. તેઓએ ભરાવેલ દૂધની સારી કિંમત મળી રહે તે માટે સતત કાળજી રાખવામાં આવે છે અને નિયામક મંડળ દ્વારા દૂધ ઉત્પાદકો માટે અનેક લાભદાયક નિર્ણય લેવામાં આવે છે.

બનાસ ડેરીના જનરલ ફેટમાં છેલ્લા દસ વર્ષથી ઘટાડો થઈ રહ્યો હતો પરંતુ નિયામક મંડળે કેટલાક મહત્વના પગલાં લીધા જેથી કરીને જનરલ ફેટ ઘટવાનો બંધ થઈને વધારો જોવા મળી રહ્યો છે તે દૂધ ઉત્પાદકો માટે ખૂબ જ સારા સમાચાર કહી શકાય છે. વર્ષ ૨૦૧૬માં મહત્તમ સરેરાશ ફેટ ૫.૨ ટકા હતો જે વધીને વર્ષ ૨૦૧૭માં અત્યારે ૫.૩ ટકા થયો છે તે ઐતિહાસિક બાબત છે અને હજુપણ તેમાં વધારો નોંધાવાની શકયતા છે.

બનાસ ડેરીનાં દૂધ સંપાદનમાં પ્રતિવર્ષ વધારો થતો હતો પરંતુ ડેરીનો જનરલ ફેટ ઘટતો જતો હતો તે એક ચિંતાનો વિષય હતો. પરંતુ નિયામક મંડળની દીર્ઘદ્રષ્ટિથી થતાં પારદર્શક વહીવટનાં લીધે જે ક્ષતિ હતી તે દૂર કરવામાં આવી છે. બનાસ ડેરી દ્વારા કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય લીધા છે જેમાં મંડળી પર દૂધમાં ભેળસેળ કરનાર સામે પણ કડક પગલાં લેવામાં આવ્યા છે. જયારે ગયા વર્ષે દૂધની કિંમતમાં સતત વધારો કરવામાં આવ્યો છે તેના લીધે બનાસકાંઠાની યુવા પેઢીનું મહેસાણી ભેંસ અને કાંકરેજ ગાયનાં પશુપાલન તરફનું આકર્ષણ વધ્યું છે. દાણની ગુણવત્તામાં ક્રાંતિકારી પગલાં લઈને ધરખમ સુધારો કરાયો છે. બનાસ ડેરી દૂધના ફેટ વધે તે માટે ઘર આંગણે પાડી/વાછરડીનો ઉછેર કરવો, આપણા જિલ્લાનું પશુધન બહાર ન વેચવું, દેશી ગાય અને ભેંસનું પશુપાલન લાભદાયક બને તે જોવું એમ વિવિધ પગલાં લઈ રહી છે. બનાસ દાણ પણ અલગ અલગ પ્રકારનું બનાવીને દૂધ ઉત્પાદકો સુધી પહોંચાડવામાં આવે છે જેમ કે ગાય માટે અલગથી દાણ, પાડી વાછરડી માટે બચ્ચાં દાણ, ભેંસ માટે અલગથી દાણ અને સગર્ભા પશુઓ માટે પણ અલગથી દાણ બનાવવામાં આવે છે.

અનુસંધાન પાના નં.૬

## જનરલ ફેટ ૫.૩ ટકાના વિક્રમજનક આંકને આંબ્યો

## ઉચ્ચ જાતિના ગરીબો માટે ક્વોટા પર વિચારવાનો હાઈકોર્ટનો હુકમ

ચેન્નાઈ

એક અતિમહત્વપૂર્ણ સૂચનના ભાગરુપે મદ્રાસ હાઈકોર્ટે ઠેરવ્યું છે કે, આર્થિકરીતે નબળા ઉચ્ચ જાતિના લોકોને પણ શિક્ષણ અને રોજગારીમાં અનામત આપવાના સંદર્ભમાં વિચારણા કરવાની જરૂર છે. ઉચ્ચ જાતિના ગરીબ લોકો માટે ક્વોટાના સંદર્ભમાં વિચારણા કરી શકાય છે. મદ્રાસ હાઈકોર્ટના આ ચુકાદાને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જસ્ટિસ એનકે કિરુબાકરન જણાવ્યું છે કે, સરકારે આ બાબતની શક્યતા ચકાસવી જોઇએ. કોર્ટે ૧૪ વિદ્યાર્થીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી એક અરજી પર સુનાવણી વેળા આ મુજબનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે, ગરીબ ગરીબ હોય છે. ઉચ્ચ જાતિના ગરીબ લોકો હોય કે પછી પછાત જાતિના ગરીબ લોકો હોય. તેમને તકલીફ પડે છે.

### ઉત્તર પૂર્વ માટે નરેન્દ્ર મોદીની મોટી જાહેરાત

# રોડ હાઈવેને સુધારવા માટે ૯૦૦૦૦ કરોડની જાહેરાત

### ગાંધીનગરમાં ચૂંટણી પંચનો મુખ્ય કંટ્રોલરૂમ : અમદાવાદ એનેક્ષી ખાતે મીડિયા સેન્ટરથી પરિણામોની માહિતી જારી

ગુવાહાટી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પૂર્વીય પ્રદેશમાં હાઈવે અને માર્ગોના નેટવર્કના નિર્માણમાં આગામી બેથી ત્રણ વર્ષ દરમિયાન ૯૦૦૦૦ કરોડના રોકાણની જાહેરાત કરી હતી. મોદીએ ઉત્તર પૂર્વીય પ્રદેશના માર્ગો અને હાઈવેની સ્થિતિને સુધારવા માટેની વાત કરી હતી અને ૯૦૦૦૦ કરોડના રોકાણની આજે જાહેરાત કરતા ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. તેમણે કહ્યું હતું કે, કનેક્ટીવીટીના અભાવે ઉત્તર પૂર્વીય પ્રદેશના વિકાસ આડે શ્રેણીબદ્ધ અડચણો આવી રહી છે. પ્રદેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જંગી રોકાણ મારફતે પરિવહન દ્વારા પરિવર્તન લાવવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, આ રકમ પૈકી ૬૦૦૦૦ કરોડ રૂપિયાની રકમ સ્પેશિયલ રોડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ ખર્ચ કરવામાં આવશે જ્યારે ૩૦૦૦૦ કરોડ રૂપિયા ભારત માલા હેઠળ ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત ૩૨૦૦૦ કરોડ રૂપિયા પહેલાથી જ નેશનલ હાઈવેના ૩૮૦૦ કિલોમીટરના નિર્માણ માટે મંજુર થઇ ચુક્યા છે જે પૈકી ૧૨૦૦ કિલોમીટરના રસ્તા છેલ્લા ત્રણ વર્ષમાં બનાવી દેવામાં આવ્યા છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, ૪૭૦૦૦ કરોડના ખર્ચથી ૧૩૮૫ કિલોમીટર લંબાઈના ૧૫ નવા રેલવે લાઈન પ્રોજેક્ટો અમલી કરવામાં આવી રહ્યા છે. અમે રેલ નકશા ઉપર પ્રદેશના તમામ રાજ્યોના પાટનગરને મુકી દેવા માટે કટિબદ્ધ છીએ.

# આવતીકાલે જગાણા એન્જિનિયરીંગ કોલેજ ખાતે મત ગણતરી હાથ ધરાશે

### મત ગણતરી કેન્દ્ર ખાતે લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મુકાયો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાની વિધાનસભા મતદાર વિભાગની મતગણતરી આગામી તા.૧૮/૧૨/૨૦૧૭ ના રોજ સરકારી ઈજનેરી કોલેજ, જગાણા તા.પાલનપુર ખાતે હાથ ધરાનાર છે. મત ગણતરીની કામગીરી દરમિયાન કોઈ ખલેલ ન પહોંચે અને ગોપનિયતા જળવાઈ રહે તે માટે તેમજ ભારતના ચૂંટણીપંચ તરફથી આપવામાં આવેલ સૂચનાઓની ચૂસ્ત અમલવારી થઈ શકે તે માટે બનાસકાંઠા જિલ્લાની વિધાન સભા મતદાર વિભાગના મત ગણતરી કેન્દ્ર, સરકારી ઈજનેરી કોલેજ, જગાણા તા.પાલનપુર ખાતે લોકોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને આવશ્યક જણાતાં આર.જે.માકડીયા (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રે, બનાસકાંઠા, પાલનપુરની ફોજદારી કાર્યરીતિ અધિનિયમ - ૧૯૭૩ ની કલમ - ૧૪૪ થી મળેલ સત્તાની રૂએ બનાસકાંઠા જિલ્લાની વિધાન સભા મતદાર વિભાગના મત ગણતરી કેન્દ્ર, સરકારી ઈજનેરી કોલેજ, જગાણા તા.પાલનપુર ખાતે તા. ૧૮/૧૨/૨૦૧૭ ના રોજ સવારે ૬-૦૦ કલાકથી મત ગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી મત ગણતરી સ્થળે મત ગણતરીના કામે અધિકૃત અધિકારી દ્વારા આપવામાં આવેલ ઓળખપત્ર સિવાયની કોઈપણ વ્યક્તિના પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

આ હુકમ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિક્ષક દરજ્જાથી પોલીસ - સબ - ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી.ક. - ૧૮૮ તથા ગુ.પો. અધિ.ક.- ૧૩૫ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવ્યા છે.

## વડગામ વિધાનસભા બેઠકના છનીયાણા ખાતે આજે પુનઃ મતદાન થશે

પાલનપુર

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં ૧૧-વડગામ વિધાનસભા બેઠકના છનીયાણા ખાતે મતદાન મથક નં. ૧૧૨ અને ૧૧૩ ઉપર આજે તા. ૧૭ ડિસેમ્બર - ૨૦૧૭, રવિવાર ના રોજ પુનઃ મતદાન યોજાશે. તેમ બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણી અધિકારી અને કલેક્ટરએ મિડીયાને માહિતી આપતાં જણાવ્યું હતું.

કલેક્ટરએ કહ્યું કે ૧૧-વડગામ વિધાનસભા બેઠકના છનીયાણા ખાતે બીજા તબક્કાના મતદાન અન્વયે તા. ૧૪ ડિસેમ્બર-૨૦૧૭ ના રોજ મતદાન યોજાયું હતું. પરંતુ મતદાન મથક ઉપરના ફરજ પરના અધિકારીઓ અને ઓબ્ઝર્વરના રિપોર્ટ ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયાને મોકલવામાં આવ્યા હતા. જે અંતર્ગત ઈ.સી.આઈ.ની સુચના મુજબ તા. ૧૭ ડિસેમ્બર-૨૦૧૭ ના રોજ સવારે ૮ થી સાંજના ૫ વાગ્યા સુધી પુનઃ મતદાન યોજાશે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરએ છનીયાણા ખાતે મતદાન મથક નં. ૧૧૨ અને ૧૧૩ ના મતદારોને પુનર્મતદાન કરવા વિનંતી સહ અનુરોધ કર્યો છે.

### મતગણતરી માટે સુદૃઢ તૈયારીઓ

વિધાનસભાની સામાન્ય ચૂંટણી - ૨૦૧૭ અન્વયે બનાસકાંઠા જિલ્લાની તમામ ૯ વિધાનસભા બેઠકોની મતગણતરી તા.૧૮ ડીસેમ્બરે - ૨૦૧૭ ના રોજ જગાણા એન્જીનિયરીંગ કોલેજ ખાતે હાથ ધરાશે.ચૂંટણીપંચની માર્ગદર્શીકા અને નિયમોનુસાર મત ગણતરી કરવા અંગેની સઘળી તૈયારીઓ સુદૃઢ રીતે કરવામાં આવી છે. તેમ જિલ્લાના ચૂંટણી અધિકારી અને કલેકટર બનાસકાંઠાએ જણાવ્યું હતું.

### રાઉન્ડ મુજબ મતગણતરી થશે

જિલ્લાની નવ બેઠકો માટે રાઉન્ડ મુજબ મતગણતરી હાથ ધરાશે જેમાં વાવમાં ૨૩, થરાદમાં ૧૮, ધાનેરામાં ૨૦, દાંતામાં ૨૧, વડગામમાં ૨૨, પાલનપુરમાં ૨૦, ડીસામાં ૨૦, દીયોદરમાં ૨૦ અને કાંકરેજ બેઠક માટે ૨૨ રાઉન્ડમાં મતગણતરી થશે. મતગણતરીને લઈ જીલ્લાવાસીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. હાલમાં જો અને તો નું બજાર ગરમ બન્યું છે.

### મોબાઈલ સહીત ઈલેક્ટ્રોનીક્સ સાધનો પર પ્રતીબંધ

જગાણા ઈજનેરી કોલેજ ખાતે મતગણતરી સ્થળથી ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યક્તિએ મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, કોર્ડલેશ ફોન, વાયરલેશ સેટ, વોકીટોકી, જેવા ઈલેકટ્રોનીક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. જો કે અધિકૃત અધિકારીઓ કે કર્મચારીઓને આ નિયમ લાગુ પડશે નહી. તેવો જિલ્લા કલેક્ટરનો સ્પષ્ટ આદેશ છે.

## બેસણું (પઘડી)



સ્વ. જશોદાબેન પ્રેમચંદભાઈ ભાગચંદાણી
સ્વ. તા.૧૫/૧૨/૨૦૧૭

અમારા માતૃશ્રી સ્વ. જશોદાબેન પ્રેમચંદભાઈ ભાગચંદાણીનું દુઃખદ અવસાન તા. ૧૫/૧૨/૨૦૧૭ ને શુક્રવારના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. સદ્‌ગતનું બેસણું (પઘડી) તા. ૧૭/૧૨/૨૦૧૭ ને રવિવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : જલારામ ભવન, હાઈવે રોડ, ડીસા
સમય : ૪ થી ૬ કલાક મો. ૯૪૨૬૩ ૬૬૦૦૮

લિ.
કુમારભાઈ પ્રેમચંદભાઈ ભાગચંદાણી (પુત્ર)
ગોવિંદભાઈ પ્રેમચંદભાઈ ભાગચંદાણી (પુત્ર)
રમેશભાઈ પ્રેમચંદભાઈ ભાગચંદાણી (પુત્ર)
રાજુભાઈ પ્રેમચંદભાઈ ભાગચંદાણી (પુત્ર)
તથા સમસ્ત ભાગચંદાણી પરિવાર (શિવાજીવાળા) ડીસા

CMYK

સૂર્યોદય - ૭.૧૭ સૂર્યાસ્ત - ૫.૫૭

## તિથિદર્શન

માગસર વદ-૦)) રવિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર વદ : અમાવસ રવિવાર નક્ષત્ર:અનુરાધા યોગ :સુકર્મા કરણ :ગર આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### અફલાનિ દુરન્તાનિ સમવ્યય ફલાનિ ચ અશક્યાનિ ચ વસ્તુનિ નારમેત વિચક્ષણ

જે ક્રિયાઓ ફળ વિનાની હોય અર્થાત્ જે કાર્ય- પરિશ્રમનું પરિણામ ન મળે, જેને સિદ્ધ ઉંમર મળે એવી સાધના કે તપ ડાહ્યા માણસો કરતા નથી.

ઘણીવાર ટ્રેનમાં, ટોળામાં, મહેમાનો- મિત્રવતુળમાં, ફોનમાં આપણે નિરર્થક- પરિણામ વિહોણી સંદર્ભ વગરની વાતો કર્યા જ કરીએ છીએ. અરે, જે કામ- સ્વાર્થ માટે સ્નેહી- સંબંધીને ફોન કર્યો હોય તે વાત 'અંત' સુધી કહેવાને બદલે આપણે શરૂઆત આડી- અવળી વાતોથી કરીએ છીએ. જેથી 'ખબર ન પડી જાય' કે આપણે ફોન શું કામે કર્યો છે!! જીવનમાં આપણે અર્થ વગરની અને જેનું પરિણામ શૂન્ય હોય એવી ઘણી ક્રિયાઓ કરતા હોઈએ છીએ. ટીવી, વિડિયો- અર્થ વગરનું લેખન- વાંચન જે જીવનના હેતુ- સિદ્ધિ માટે જ કંઈ જ ઉપયોગી નથી તે કરવાનો શું અર્થ? જીવન હેતુલક્ષી છે અને જે કંઈ પણ ક્રિયા કરવી પડે એ જીવનુપયોગી હોય તે જ કરવી, જે સિદ્ધિલક્ષી હોવી જરૂરી છે.

ધ્યાન- તપ- તપશ્ચર્યા- જાપ- પૂજા- પાઠ પણ સિદ્ધિદાયક ન બને તો તેનો કોઈ મતલબ રહેતો નથી. ડાહ્યા- બુદ્ધિમાન લોકો એથી જ ખોટી સભાઓ- મિટિંગો- ચર્ચાઓમાં ભાગ લેતા નથી.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનથી લાભ થાય.**

**વૃષભ : (બ.વ.ઉ.) નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.**

**મિથુન : (ક.છ.ઘ.).મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.**

**કર્ક : (ડ.હ.)ઇચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.**

**સિંહ : (મ.ટ.) નવિન સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય.**

**કન્યા : (પ.ઠ.ણ.) રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજન કરી શકશો.**

**તુલા : (ર.ત.) તકનો લાભ ઉઠાવી શકશો. આર્થિક લાભની તક મળે.**

**વૃશ્ચિક :(ન.ય.) વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ. બીજાઓ સાથે સંઘર્ષ ટાળવો.**

**ધન : (ભ.ફ.ધ.)પ્રતિકૂળ સંજોગોમાંથી માર્ગ કાઢી શકશો. મનમાં આનંદ રહે.**

**મકર : (ખ.જ.)નાણાંભીડ અનુભવાય, મનમાં વ્યથા રહે.**

**કુંભ : (ગ.શ.સ.)જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. અંગત મૂંઝવણ દૂર થાય.**

**મીન : (દ.ચ.જ.થ.)કાર્ય સફળતા માટે મહેનત કરવી પડે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

રાષ્ટ્રીય મહાસભાનો ઈતિહાસ લખવાનું ભગીરથ કાર્ય કરનાર કોંગ્રેસના અગ્રણી કાર્યકર, ગાંધીજીના અંતેવાસીઓમાંના એક ડો. પટ્ટાભી સીતારામભૈયાની પુણ્યતિથિ છે.

એમનો જન્મ ૨૪-૧૨-૧૮૮૦ના રોજ પશ્ચિમ ગોદાવરી જિલ્લાના, ઈલોય તાલુકાના ગંડુગોસાનું ગામે થયો હતો.

માત્ર ૩૬ વર્ષની ભરયુવાન વયે ધીકતી પ્રેકટિસ છોડી ડો. પટ્ટાભી પ્રખર ગાંધીવાદી બન્યા.

આ મહાન દેશભકતનું ૧૭-૧૨-૧૯૫૯ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# લોકનિકેતન વિનયમંદિર, લવાણામાં વ્યસન - મુક્તિ અંતર્ગત નિબંધ સ્પર્ધા યોજાઈ




પ્રતિનિધિ લવાણા

લોકનિકેતન રતનપુર સંચાલિત લોકનિકેતન વિનય મંદિર, લવાણા ખાતે તા. ૧૧/૧૨/૨૦૧૭ ના રોજ લાખણી આરોગ્ય કેન્દ્ર આયોજિત શાળામાં 'તમાકુ એક મોટો પડકાર' વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ધો.૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. આ નિબંધ સ્પર્ધાનો હેતુ બાળકોના શિક્ષણકાર્યની સાથે આ સ્પર્ધાથી તંદુરસ્ત સમાજના નિર્માણમાં જનભાગીદારીનું મહત્વ રહેલું હતું. આ નિબંધ સ્પર્ધામાં પ્રથમ સ્થાને સ્થાને પંચાલ પ્રિયંકાબેન વિનોદભાઈ, બીજા ક્રમે સોલંકી નયનાબેન જગતાભાઈ તથા ત્રીજા ક્રમે દતાણી હેતલબેન સુરેશભાઈ રહ્યા હતા. વિજેતા સ્પર્ધકોને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડૉ.પ્રકાશભાઈ ડાભી તથા તેમની ટીમ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના આચાર્ય ઓ.ટી.પ્રજાપતિએ વિજેતા બાળકોને બિરદાવ્યા હતા.

# જીએનએફસીના નીમ પ્રોજેક્ટ માટે સી.એસ.આર ક્ષેત્રે પ્રતિષ્ઠિત સી.આઈ.આઈ. - આઈ.ટી.સી એવોર્ડ ૨૦૧૭ એનાયત

ડીસા

કોનફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ અને ઈન્ડિયા તોબકો કંપની સંયુક્ત રીતે કંપનીઓને તેમના ઉત્કૃષ્ટ વિકાસ માટે એવોર્ડ એનાયત કરે છે. જીએનએફસીનો નીમ પ્રોજેક્ટ દેશના ૬ રાજ્યો અને ૫૩ જિલ્લાના ૫ હજાર ગામોમાં કાર્યરત છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૪૫ હજાર મેટ્રીક ટન લીંબોડીઓના એકત્રીકરણ વડે ૪.૫ લાખ ગ્રામ્ય મહિલાઓ અને જમીન વિહોણા શ્રમિકોને લગભગ રૂા.૫૦ કરોડની આવક ઉભી થઈ છે. વહીવટી પધ્ધતિઓ, પર્યાવરણ, ધંધાકીય નિતિઓ, કર્મચારીઓનો વિકાસ, માનવ અધિકારો, જૈવિકો વૈવિધ્યકરણ અને સામાજીક પરિણામો જેવા વિષયોને સાંકળીને ૨૫૦ પ્રશ્નોની સુચિ તૈયાર કરાઈ છે. ભારતના રાજદુત અને પૂર્વ વિદેશ સચિવ શ્યામશરણ, આઈ.એફ.એસના વડપણ હેઠળ જ્યુરી મેમ્બર્સે જીએનએફસીને ૧૦૦ માંથી ૮૫.૫૭ ગુણાંક સાથે ૧૦૫ અરજી કર્તાઓમાંથી આ એવોર્ડ બુધવારે ન્યુ દિલ્હી ખાતે એક સમારંભમાં એનાયત કર્યો હતો. જે એવોર્ડ કંપનીના એમ.ડી. ડૉ.રાજીવકુમાર ગુપ્તાએ સ્વીકાર્યો હતો.

# શ્રી જે.ડી અજબાણી સર્વોદય પ્રા.શાળા ડીસામાં ચિત્રસ્પર્ધા યોજાઈ



ડીસા

શ્રી જે.ડી અજબાણી સર્વોદય પ્રા.શાળા ડીસામાં તારીખ ૧૩/૧૨/૨૦૧૭ ને બુધવારના રોજ 'સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓને બળ મળે તથા શાળા કક્ષાએ બાળમાનસમાં સ્વચ્છતા કેળવાય તેમજ 'બેટી બચવો', 'વૃક્ષો બચાવો',વીષય અંતર્ગત ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામા આવ્યું હતું.આ સ્પર્ધામાં ધોરણ ૧ થી ૮ ના બાળકો સામેલ કરવામાં આવ્યા હતા. વર્તમાન તેમજ ભૂતકાળના ચિત્રકારોનો પરિચય શાળાના શિક્ષક ભરતભાઈ કાંકરેચી એ કરાવ્યો હતો. શ્રેષ્ઠ ચિત્ર દોરનાર વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીનીઓમાં દરજી ઝલક, ઠક્કર તન્વી, પ્રજાપતિ અક્ષય, ઠક્કર વિશ્વાસ, મોદી તિર્થ, ઠક્કર રોશની, સુથાર ચેતન, પુરોહિત હર્ષદ, પ્રજાપતિ વંશિકા, જોષી કિષ્ના વગેરે ને શાળાના આચાર્ય કિશોરભાઈ.બી ત્રિવેદીના હસ્તે ઈનામ આપવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાંખલા રાજુભાઈ તેમજ પટેલ અનિલભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

**અનઅધિકૃત નંબર પ્લેટવાળા વાહનોને ગુનાદીઠ ૫૦૦નો દંડ કરાશે**

# ૧૫મી જાન્યુ-૨૦૧૮ સુધીમાં વાહનચાલકોએ એચએસઆરપી નંબર પ્લેટ ફીટ કરાવવા તાકીદ

ગાંધીનગર

રાજ્યના તમામ વાહન ચાલકોએ હાઈ સિક્યુરિટી રજિસ્ટ્રેશન નંબર પ્લેટ (એચએસઆરપી) તા.૧૫મી જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં ફીટ કરાવી લેવાની રહેશે. અનઅધિકૃત નંબર પ્લેટવાળા વાહનોને ગુનાદીઠ રૂા.૫૦૦ સુધીનો દંડ કરાશે. દ્વિચક્રિય અને ત્રિચક્રિય વાહનોમાં રૂા.૮૯ અને ચાર પૈડાંવાળા તથા ભારે વાહનોમાં રૂા.૧૫૦ વધારાનો સર્વિસ ચાર્જ ભરીને અધિકૃત એચએસઆરપી નંબર પ્લેટ ફીટ કરાવી શકાશે, એમ વાહન વ્યવહાર કમિશનર દ્વારા જણાવાયું છે. એચએસઆરપી નંબર પ્લેટ ફીટ કરાવવી એ સુપ્રીમ કોર્ટનો આદેશ છે. સુપ્રીમ કોર્ટે ૨૩ નવેમ્બરે ગુજરાત સહિત અન્ય ૫ રાજ્યોને નોટીસ આપી છે અને આદેશનો અમલ કરવા રાજ્યોએ શું પગલાં લીધા તેની વિગતો માગી છે. તેથી રાજ્ય સરકાર દ્વારા તમામ પોલીસ કમિશનર અને પોલીસ અધિક્ષકને અમલ કરવા સૂચના આપી છે. નવા વાહનોમાં ૧૬ ૧૧/૨૦૧૨થી એચએસઆરપીનંબર પ્લેટ ફીટ કરાવવી ફરજિયાત કરી છે તેનો ચૂસ્તપણે અમલ થાય છે, પરંતુ તે પહેલાના જૂના વાહનો તથા કેટલાક વાહનો પણ એચએસઆરપીનંબર પ્લેટ સિવાય ફરે છે તે કાયદા વિરુદ્ધ છે.

વાહન વ્યવહાર કમિશનર દ્વારા એચએસઆરપી નંબર પ્લેટ ફીટ કરાવવા માટે વાહન ડીલરો પાસે પણ આ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આરટીઓ કચેરી ઉપરાંત નજીકના કોઈપણ વાહન ડીલરને ત્યાં રાજ્ય સરકારે અધિકૃત કરેલ સર્વિસ ચાર્જથી અધિકૃત એચએસઆરપી નંબર પ્લેટ ફીટ કરાવી શકાય છે. જેથી તમામ વાહન ચાલકોએ ૧૫મી જાન્યુઆરી ૨૦૧૮ સુધી અધિકૃત એચએસઆરપી નંબર પ્લેટ ફીટ કરાવી લેવી આવશ્યક છે. અન્યથા અન અધિકૃત નંબર પ્લેટવાળા વાહનો પાસેથી દંડ કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

# ઠંડી વધવાની સાથે રાજ્યભરમાં સ્વાઈન ફ્લૂનો તોળાતો ખતરો

અમદાવાદ

ઓખી વાવાઝોડાના પગલે અમદાવાદ સહિત સમગ્ર રાજયમાં વરસાદી માહોલ સર્જાયો હતો. વાવાઝોડાની અસર દૂર થયા બાદ અમદાવાદ શહેર સહિત રાજ્યભરમાં સ્વાઈન ફલૂનો ખતરો તોળાઇ રહ્યો છે તેના પગલે આરોગ્યતંત્રને સજ્જ બનાવાયું છે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે રાજ્યમાં સપ્ટેમ્બર સુધીમાં ૫ હજાર જેટલા લોકો સ્વાઈન ફ્લૂની ઝપટમાં આવ્યા હતા. જ્યારે ૪૦૦થી વધુ મોત થયા હતા.જો કે સપ્ટેમ્બર પછી સ્વાઈન ફ્લુથી કોઈ મોત થયું નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત સપ્તાહે આરોગ્ય વિભાગ તરફથી ડોક્ટરોની એક બેઠક બોલાવાઇ હતી, જેમાં સ્વાઇન ફલૂના સંભવિત ખતરા સામે કેવા પ્રકારની કામગીરી કરી શકાય તે બાબતે ચર્ચા હાથ ધરાઇ હતી. ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ મહિનાથી શહેરમાં સ્વાઇન ફલૂ કંટ્રોલમાં છે. અત્યારે ઠંડીની સિઝન શરૂ થઇ છે, તેની સાથે-સાથે ગત સપ્તાહે વરસાદ અને વાદળછાયા વાતાવરણના કારણે હવામાં ભેજનું પ્રમાણ ૬૦ ટકાથી વધારે થયું હતું. કમોસમી વરસાદ પણ પડ્યો હતો અને તેના કારણે વાઈરલ બીમારીઓએ જોર પકડ્યું છે. શરદી અને ખાંસીના દર્દીઓમાં જબ્બર વધારો થયો છે. આ પરિસ્થિતિ અને વાતાવરણ સ્વાઇન ફલૂને પ્રસરવા માટે અનુકૂળ છે. સ્વાઇન ફલૂના સંભવિત ખતરા સામે આરોગ્ય વિભાગ એલર્ટ થયો છે. આરોગ્ય વિભાગ દ્વારા શરદી-ખાંસીના દર્દીઓને ગંભીરતાથી લેવા માટે ડોક્ટરોને જણાવાયું છે.

**મેચ બપોરે ૧.૩૦ વાગ્યે શરુ થશે, ભારત અંતિમ ઈલેવનમાં ફેરફાર કરશે**

# આજે અંતિમ વન-ડે : ભારત - શ્રીલંકા માટે કરો યા મરોનો જંગ

**ભારત ટીમ શ્રેણી જીતવા માટે હોટફેવરિટ, ધોની પાસે દસ હજાર રન પૂરા કરવાની તક**

વિશાખાપટ્ટનમ્

વિશાખાપટ્ટનમ ખાતે આવતીકાલે ભારત અને શ્રીલંકા વચ્ચે ત્રીજી અને અંતિમ વનડે મેચ રમાનાર છે. રોહિત શર્માના નેતૃત્વમાં ભારતીય ટીમ આ મેચમાં શ્રેણી જીતવા માટેના મક્કમ ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. મેચને લઈને વિશાખાપટ્ટનમ ખાતે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. બીજી વનડેમાં ભારતીય ટીમે ધરખમ દેખાવ કર્યા બાદ ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડીઓ પર કરોડો ચાહકોની નજર રહેશે. મોહાલી ખાતે બીજી વનડે મેચમાં ભારતે શ્રીલંકા ઉપર ૧૪૧ રને જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા ભારતે ૩૯૨ રનનો જંગી જુમલો ખડક્યો હતો. ભારત તરફથી રોહિત શર્માએ ફરી એકવાર અણનમ બેવડી સદી ફટકારી હતી. કેપ્ટન તરીકે રોહિત શર્માએ ૧૫૩ બોલામાં ૧૩ ચોગ્ગા અને ૧૨ છગ્ગા સાથે ૨૦૮ રન ફટકાર્યા હતા. જીતવા માટેના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા શ્રીલંકાની ટીમ ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૫૧ રન બનાવી શકી હતી. શ્રીલંકા તરફથી મેથ્યુસે સૌથી વધુ ૧૧૧ રન બનાવ્યા હતા. હિટમેનના નામથ લોકપ્રિય રોહિત શર્માએ વનડે કેરિયરની ત્રીજી બેવડી સદી ફટકારી હતી. રોહિતે આ અગાઉ બે બેવડી સદી ફટકારી હતી. કોલકાતાના ઈડન ગાર્ડન ઉપર ૨૬૪ રનની ઈનિંગ્સ રમી હતી જ્યારે ઓસ્ટ્રેલિયાની સામે બીજી નવેમ્બર ૨૦૧૩ના દિવસે બેંગ્લોરમાં ૨૦૯ રન ફટકાર્યા હતા. શ્રીલંકાની નવી ટીમે પ્રથમ મેચમાં ભારતને હાર આપીને તમામ ક્રિકેટ ચાહકોને ચોંકાવી દીધા હતા. અત્રે નોંધનીય છે કે ધર્મશાળા ખાતે રમાયેલી પ્રથમ વનડે મેચમાં શ્રીલંકાએ ભારત ઉપર સાત વિકેટે જીત મેળવી હતી. આ મેચમાં ભારતીય ટીમનો દેખાવ ખુબ જ કંગાળ રહ્યો હતો. ભારતીય ટીમે ૩૮.૨ ઓવરમાં માત્ર ૧૧૨ રન કર્યા હતા. રોહિત શર્માના નેતૃત્વમાં ભારતીય ટીમનો જોરદાર ધબડકો થયો હતો અને ભારતીય ટીમ માત્ર ૧૧૨ રનમાં ખખડી ગઈ હતી.

# 'સર' રવિન્દ્ર જાડેજાનું વાવાઝોડું, એક જ ઓવરમાં કરી આવી કમાલ

ક્રિકેટર રવિન્દ્ર જાડેજા હાલ ભારતીય ક્રિકેટ ટીમમાંથી બહાર છે, પરંતુ ડોમેસ્ટિક ક્રિકેટમાં તેને જબરી કમાલ કરી બતાવી છે. જાડેજાએ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોશિએશનના ઈંટર-ડિસ્ટ્રિક્ટ ટૂર્નામેન્ટમાં એક જ ઓવરમાં ૬ સિક્સ ફટકારી હતી. જાડેજાએ ્-૨૦ ટૂર્નામેન્ટના પહેલા દિવસે જામનગર તરફથી રમતા અમરેલી વિરૂદ્ધ એક ઓવરમાં ૬ બોલમાં ૬ સિક્સર ફટકારી હતી. ૨૯ વર્ષના જાડેજાએ ઓફ સ્પિનર નીલમ વામજાની ઓવરમાં આ ચમત્કાર કરી બતાવ્યો હતો. આ સાથે જાડેજાએ ધમાકેદાર ઈનિંગ રમતા માત્ર ૬૯ બોલમાં ૧૫૪ રન ઝુડી નાખ્યાં હતાં અને અમરેલી વિરૂદ્ધ ટીમને ૧૨૧ રનથી જીત અપાવી હતી.

જાડેજા ૧૯મી ઓવરમાં આઉટ થયો હતો જે દરમિયાન તેણે ૧૫ ચોગ્ગ એન ૧૦ ચગ્ગા ફટકાર્યા હતાં. જાડેજાની શાનદાર સદીના સહારે જામનગરે ૬ વિકેટે ૨૩૯ રન બનાવ્યા હતા. આ જીત સાથે જામનગરે ચાર પોઈન્ટ મેળવી લીધા હતાં. ટૂર્નામેન્ટમાં ૧૬ ટીમો ભાગ લઈ રહી છે જેને ૪ ગ્રુપમાં વહેંચવામાં આવી છે. જામનગરની આગામી મેચ આવતી કાલે રવિવાર બોટાદ સામે રમાશે.

# શ્રી વિદ્યામંદિર, લવાણા શાળાનું ગૌરવ




પ્રતિનિધિ લવાણા

શ્રી વિદ્યામંદિર, લવાણામાં ધોરણ-૧૧ માં અભ્યાસ કરતા સિલક (સુથાર) બિપિનકુમાર દિનેશભાઈ ચાળવા વાળાએ રાજ્ય સરકાર દ્વારા આયોજીત વર્ષ -૨૦૧૭ ''યુવા મહોત્સવ'' માં પોતાની ઉત્કૃષ્ટ કલાનો પરિચય કરાવી શાળાનું ગૌરવ વધાર્યું છે. જેમાં ''સર્જનાત્મક કામગીરી'' (ખુલ્લો વિભાગ)માં 'લાકડાનું ગાડું' કૃતિ બનાવી એક દ્રષ્ટાંત પુરુ પાડ્યું હતું. જેમાં તેઓ તાલુકા કક્ષાએ પ્રથમ. જિલ્લા કક્ષાએ પ્રથમ અને ઝોન કક્ષાએ દ્વિતિય નંબરે રહ્યા હતા. તેઓ તા. ૧૬/૧૨/૨૦૧૭ ના રોજ પાલીતાણા મુકામે યોજાનારા રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા ગયા છે. ત્યારે તેમની સાથે સહાયક તરીકે શાળાના શિક્ષક ભરતભાઈ આર.રાજપુત જોડાયા છે. સદર શૈલીને બિરદાવતા શુભ આશીર્વાદ સાથે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી, ડૉ.યુ.કે.રાજપુત, પ્રિન્સીપાલ આર.વી.ડાભી અને તમામ શિક્ષકોએ તેમના ઉત્સાહમાં વધારો કરી પ્રેરણા પુરી પાડી હતી.

# બનાસકાંઠા જિલ્લાની તમામ કોર્ટોમાં આજે લોક અદાલત યોજાશે

**સમાધાન પાત્ર કેસોના સમાધાન માટે મેગા નેશનલ લોક અદાલતનું આયોજન**

પાલનપુર

તા.૧૭/૧૨/૨૦૧૭ના રોજ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તથા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ પાલનપુર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ, પાલનપુરના ઉપક્રમે પાલનપુરની કોર્ટોમાં તથા બનાસકાંઠા જિલ્લાની તમામ તાલુકા કોર્ટોમાં સને-૨૦૧૭ની પાંચમી મેગા નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં સમાધાન ફોજદારી કેસો, નેગોશીયેબલ એક્ટને લગતા કેસો, બેંકને લગતા દાવા, મોટર એક્સીડન્ટના વળતરના દાવા, લગ્ન જીવનની તકરારને લગતા કેસો, મજદુર તકરારને લગતા કેસો, જમીન સંપાદનને લગતા કેસો, પાણી તેમજ વીજળીને લગતા કેસો, મહેસૂલી દાવા અને દીવાની તકરારના દાવા સમાધાન માટે મૂકી શકાય છે. જે કોઈપણ ભાઈ-બહેનો તેમના સમાધાન પાત્ર કેસો સમાધાન માટે મુકવા માંગતા હોય, તેઓએ જાતે અથવા તેમના એડવોકેટ મારફતે તેમના કેસોની વિગત સહીત સુપ્રિન્ટેન્ડેટ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જોરાવર પેલેસ, ન્યાય સંકુલના ભોયરામાં, પાલનપુર, ટે.નં.૦૨૭૪૨-૨૬૧૪૯૫ ના સરનામે સંપર્ક કરવો તથા તાલુકાના કોર્ટના કેસો માટે જે તે તાલુકા કાનૂની સેવા સમિતિની ઓફીસનો સંપર્ક કરવા બનાસકાંઠા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવશ્રીએ જણાવ્યું છે.

# તા.૨૯ ડિસેમ્બરના રોજ પાલનપુર ખાતે ડાક અદાલત યોજાશે

પાલનપુર

બનાસકાંઠા પોસ્ટ ડીવીઝનની ટપાલ સેવા, ટપાલ વિતરણ, કાઉન્ટર સેવા, બચત બેંકના પ્રશ્નોના નિકાલ કરવા તારીખઃ- ૨૯/૧૨/૨૦૧૭ના રોજ સવારે-૧૧.૦૦ કલાકે અધિક્ષક ડાકઘર, બનાસકાંઠા પાલનપુરની કચેરીમાં ડાક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગે ફરિયાદ/આવેદનપત્ર ડેપ્યુકટી મેનેજર, કસ્ટમર કેર સેન્ટર, ઓફિસ ઓફ ધી સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસીસી, બનાસકાંઠા ડીવીઝન પાલનપુર ને તા.૧૮/૧૨/૧૭ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવી. ત્યારબાદ આવેલ ફરિયાદ આવેદનપત્ર ધ્યાનમાં લેવામાં આવશે નહી.

# વિરાટ કોહલીની બહેતર આરોગ્ય માટે બેટ




ગિલ્ટફ્રી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, આર-પી – સમજીવ ગોએન્કા જૂથના FMCG વિભાગ ભારતીય ક્રિકેટર કેપ્ટન, યુવા આઈકોન અને ફિટનેસ એન્થુઝિઆસ્ટિક વિરાટ કોહલીને "Too Yumm!" ના હેલ્થ એમ્બેસેડર તરીકે જાહેર કરે છે. રમતવીર તરીકે, વિરાટ કોહલી યોગ્ય રીતે ખાવું અને ફિટ રહેવું એ બાબતમાં ખૂબ માને છે. આની જાહેરાત ''લોટ લો, ફિકર નોટ'' ટેગલાઈન સાથે રાષ્ટ્રીય ઝુંબેશ દ્વારા કરવામાં આવી છે. બ્રાન્ડ અને વિરાટ કોહલી બન્ને તંદુરસ્ત જીવનશૈલીને પ્રચાર કરવાની સમાન ફિલોસોફીમાં બિલીવ કરે છે તથા શેર પણ કરે છે.આ ઝુંબેશ આજે TVC સાથે લાઈવ થઈ ગઈ છે, જેમાં વિરાટ કોહલી "Too Yumm!" પર બિંગિગ આપે છે. વિરાટ કોહલી વર્ણવે છે કે, આ ખરેખર તંદુરસ્ત પ્રોડક્ટ છે, તેથી દરેક જણા –''ઈટ લોટ, ફિકર નોટ.''''ભારતીય ગ્રાહકો, ખાસ કરીને યુવા પેઢી આજે શું ખાય છે અને શું પીવે છે તેના પર પરિવર્તનક્ષમ ફેરફારો જોવા મળે છે. હેલ્ધી ફૂડની લોકપ્રિયતા વધી રહી છે, જે હેલ્ધી સ્નેક માર્કેટની વધતી જતી વૃદ્ધિ પાછળનું પ્રોત્સાહન પૂરું પાડે છે."Too Yumm! એ તંદુરસ્ત નાસ્તાનો વિકલ્પ છે, જે સ્વાદ માં સમાધાન કરતું નથી અને સ્નેકિંગ સીનમાં પ્રેરણાદાયક ફેરફાર લાવે છે. વિરાટ કોહલી આ બ્રાન્ડ માટે સંપૂર્ણ ફિટ છે, કારણકે, ફિટનેસ સાથે સ્વાસ્થ્ય ચિકિત્સા પર પણ પૂરતું ધ્યાન આપે છે.''

# રિશ્તા લિખેન્ગે હમ નયામાં રાજપૂત દેખાવ પૂર્ણ કરવા માટે સુયષ રાયે તેની દાઢી કાપી



રાજસ્થાનના રોયલ્સ માટે, તેમના મુંછો અને દાઢી કરતાં કંઈ સાહસી નથી. રાજસ્થાની પુરુષો વધારવામાં ગૌરવ લે છે અને તેમની મૂછોની સંભાળ લે છે. રિશ્તા લિખેન્ગે હમ નયામાં અભય કુંવર સિંઘની ભૂમિકા ભજવતા સુયષ રાય, જોકે રાજસ્થાની નથી, પરંતુ તેની પ્રિય દાઢી માટે તે એક સમાન મૂલ્ય અને પ્રેમ ધરાવે છે.તેમની ભારે દાઢીવાળા દેખાવ નગરની ચર્ચા થોડો સમય રહી છે. પરંતુ અભયના પાત્ર માટે, સુયષને શાનદાર રોયલ રાજપૂત દેખાવ પૂર્ણ કરવા માટે તેમની દાઢીને કાપી નાખવાની હતી. શરૂઆતમાં, સુયષ થોડો ડગુમગુ લાગ્યો હતો પરંતુ તે પછી તેણે પ્રયત્ન બંધ કરવાનો નિર્ણય કર્યો અને માત્ર કાપવાનું જ નહીં પરંતુ તેના વાળનો રંગ એશ બ્રાઉનથી બેઝિક બ્રાઉનમાં પણ બદલ્યો.જ્યારે સુયષનો સંપર્ક કરાયો ત્યારે તેમણે કહ્યું હતું કે "જ્યારે મને અભય કુંવરસાના પાત્રને ભજવવાની ઓફર મળી ત્યારે હું ખરેખર ઉત્સાહિત હતો.

અને તે આગળ જોઈ રહ્યો હતો. પરંતુ જ્યારે મને દાઢીને ટ્રિમ કરવાની જાણ કરવામાં આવી ત્યારે, મને લગભગ નર્વસ બ્રેકડાઉન હતો. પરંતુ કિશ્વરનાં આગ્રહ પર, હું તેની સાથે આગળ વધ્યો. જેમ જેમ તેઓ કહે છે, 'કષ્ટ વિના કોઈ લાભ નથી' તેથી મેં પ્રયત્ન મૂકી દીધું કારણ કે તે મહત્વનું હતું. હું મારી ભારે દાઢીને યાદ કરું છું પણ મારા નવા દેખાવ વિશે હું ખૂબ ઉત્સાહિત છું. " રિશ્તા લિખેન્ગે હમ નયા, સોમ-શુક્ર, રાત્રે ૯: ૦૦ વાગ્યે જુઓ માત્ર સોની એન્ટરટેનમેન્ટ ટેલિવિઝન પર!

# તંત્રી સ્થાનેથી ...

**અધમકોટીના માણસો સજ્જનોને હંમેશા ત્રાસ આપવા તત્પર રહે છે.**

## સંસદના શિયાળુ સત્રમાં પ્રજાના હિતલક્ષી પ્રશ્નોની ચર્ચા થવી જરૂરી

ગત શુક્રવારથી પ્રારંભાયેલ સંસદના શિયાળા સત્રમાં વિપક્ષ દ્વારા ભારે હંગામો મચી જવા પામશે. તેમાં ખાસ કરીને ગુજરાતની ચૂંટણીના પરિણામો અને ચૂંટણી પ્રચાર દરમ્યાન થયેલી ભાજપ અને કોંગ્રેસ વચ્ચેની ઉગ્ર આક્ષેપબાજી છવાયેલી રહેશે. તેમાં શંકાને કોઈ સ્થાન નથી. કોંગ્રેસે ગત ગુરૂવારે એવું કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહનસિંહ સામે પાકિસ્તાન બાબતે જે આક્ષેપો કર્યા હતા તે અંગે માફી માગવી જોઈએ, આમ આ મુદ્દો વધુ છવાયેલો રહેશે.

શુક્રવારથી પ્રારંભાયેલા સંસદના આ શિયાળુ સત્રના પ્રથમ દિવસે દિવંગત સભ્યોને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા બાદ સંસદની કાર્યવાહી સોમવાર સુધી મુલતવી રહી છે. સોમવારે જ્યારે ગૃહની બેઠક મળશે ત્યારે ગુજરાત- હિમાચલ પ્રદેશના પરિણામો બહાર આવશે. જેની ગંભીર અસર સંસદમાં જોવા મળશે. ગત ગુરૂવારે એક સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. જેમાં વડાપ્રધાન મોદીએ સંસદની કામગીરી સારી રીતે ચાલે અને પ્રત્યેક પ્રશ્નો હલ થાય તે માટે તેમણે વિપક્ષોનો સહયોગ માંગ્યો હતો. વડાપ્રધાન મોદીએ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે જ થાય તે માટે વિપક્ષોનો સહયોગ માંગ્યો હતો.

સંસદીય બાબતોના મંત્રી અનંતકુમારે એવું કહ્યું હતું કે સરકાર સંસદમાં વિપક્ષો દ્વારા ઉઠાવનારા તમામ પ્રશ્નો બાબતે તમામ મુદ્દે ચર્ચા કરવા ઈચ્છે છે. ત્યારે વિપક્ષોએ પણ મહત્વના બિલ સંસદમાં પસાર કરવા સહયોગ કરવો જોઈએ.

જે પ્રશ્નો પ્રજાના હિતો સાથે જોડાયેલા અને તે પ્રશ્નો વિકટ હોય તેવા પ્રશ્નો વિપક્ષે સંસદમાં ઉઠાવવા જોઈએ. દા.ત. વેપારીઓને જીએસટીનો લાભ ઝડપી મળે તે પ્રશ્ન વિપક્ષે ઉઠાવવો જોઈએ. સરકારે ૨૧૨ વસ્તુઓ પર જીએસટીનો દર ઘટાડી દીધો તેને એક મહિનો થઈ ચુક્યો છે. છતાં તેનો લાભ હજુ સુધી ગ્રાહકો સુધી પહોંચ્યો નથી. વેપારીઓ વાસ્તવિક કિંમત કરતાં વધુ કિંમત વસુલતા હોવાની ફરિયાદો ઉઠી છે. આમાં વધુ ફરિયાદો ફૂડ રેસ્ટોરન્ટ્સ સામે નોંધાઈ છે. ખાસ કરીને રેસ્ટોરન્ટમાં વેચાતી મિનરલ વોટરની બોટલ, સોફ્ટ ડ્રિંકસનું વેચાણ કરતા વેપારીઓએ સૌથી વધુ ગ્રાહકોને ખંખેર્યા છે. આ મુદ્દો વિપક્ષો શા માટે ઉઠાવતા નહિં હોય?

ઉપભોક્તા બાબતોના વિભાગના ડિરેક્ટર બી.એન. દિક્ષિતે કહ્યું છે કે જીએસટીનો લાભ ગ્રાહકો સુધી પહોંચે તે માટે નફાખોરી કરતા વેપારીઓ સામે સરકારે પગલાં ભરવા જોઈએ.આ બાબતે સરકારે કાયદો ઘડ્યો હોવા છતાં કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. આ મુદ્દો પણ સંસદના શિયાળુ સત્રમાં જ રજુ થનાર છે. આ પ્રશ્ન ગંભીર છે તે બાબતે વિપક્ષોએ હંગામો મચાવવાની જરૂર નથી પરંતુ તેની ચર્ચા સંસદમાં થાય તે મહત્વની બાબત માની શકાય.

દા.ત. મોંઘવારી બાબતે ઘણી બધી ચર્ચા થઈ શકે તેમ છે. મોંઘવારી કેમ વધુ છે? તે અંગેનો મુદ્દો પણ વિપક્ષોએ સંસદમાં રજુ કરવો જોઈએ. આવશ્યક વસ્તુઓનો સંગ્રહો કરતા વેપારીઓ સામે સરકાર પગલાં તે બાબત વિપક્ષોએ ચર્ચામાં લેવી જોઈએ. પરંતુ પ્રત્યેક બાબતે સરકારનો વિરોધ કરવો અને નકામી આક્ષેપ બાજી કરીને સંસદના શિયાળુ સત્રનો સમય બરબાદ કરવો તે યોગ્ય તો નથી જ. દેશમાં ગંભીર બનતા બનાવો અને પડી ભાંગેલી કાયદો વ્યવસ્થા બાબતે વિપક્ષોએ સરકારને પ્રશ્ન પૂછવો જોઈએ. પરંતુ વિપક્ષોને આ બધું કંઈ જ યાદ આવતું નથી. તે વિપક્ષોની ભૂલ કહેવાય!

## હિમેશ સંગીત ઉદ્યોગમાં નવા અવાજ રજૂ કરશે



ધ વોઈસ ઈન્ડિયા કિડ્સ બેટલ્સ રાઉન્ડના આરંભ સાથે બીજા તબક્કામાં પ્રવેશી રહ્યો છે ત્યારે દરેક સ્પર્ધક તેમનો બેસ્ટ પરફોર્મન્સ આપી રહ્યો અને ચાર કોચ પલર, પેપોન, હિમેશ અને શાનને શ્રેષ્ઠતમની પસંદગી કરવાનું મુશ્કેલી બનાવી રહ્યા છે. આ સ્પર્ધા તીવ્ર બની છે અને શ્રેષ્ઠતમની તલાશ શરૂ થઈ ચૂકી છે. એક રાઉન્ડમાં કોચ હિમેશની ટીમમાં આસ્થા, અક્ષતા અને અંશિકા તેમના ઈલેક્ટ્રિફાઈંગ પરફોર્મન્સ સાથે રોક કોન્સર્ટમાં મંચને ફેરવી દેશે.આ ત્રણ છોકરીઓ દિલ ધડકને દો ફિલ્મનું ગર્લ્સ લાઈક ટુ સ્વિંગ પર પરફોર્મ કરતી જોવા મળશે. બધા કોચ અને દર્શકો વાસ્તવમાં તેમને તાલે ઝૂમવા લાગે છે. તેમનો ઉત્તમ પરફોર્મન્સ દરેકના ધબકાર વધારે છે. કોચ શાન તેમના ડિકશનથી પ્રભાવિત થવા સાથે દરેક માટે ઉચ્ચ ધોરણો સ્થાપિત કરનાર અને શોનો હિસ્સો બનવાનું સન્માનજનક છે એવું પણ જાહેર કરે છે. આ સુંદર પરફોર્મન્સથી હિમેશ પણ એટલો પ્રભાવિત થાય છે કે ત્રણેયને સંગીત ઉદ્યોગમાં રજૂ કરવાનું વચન આપે છે.

આ અદભુત પરફોર્મન્સ જોવા માટે જોતા રહો ધ વોઈસ ઈન્ડિયા કિડ્સ, રાત્રે ૯ વાગ્યાથી, દર શનિવાર અને રવિવારે, ફક્ત &TV પર.

## નેહા કકકડ "એન્ટરટેનમેન્ટ કી રાત"ના સેટ પર પોતાના ક્રશને છતો કરે છે



દર્શકોને પોતાના અવાજથી રોમાંચિત કરતી, સિંગિંગ સેન્સેશન નેહા કકકડ, કલર્સના એન્ટરટેનમેન્ટ કી રાત પર આ વીકએન્ડ પર સિબલિંગ સ્પેશ્યલ એપિસોડ પર પોતાની બહેન સોનુ કકકડ સાથે દેખાશે. શોની આ એડિશન ક્રિકેટિંગ સ્ટાર્સ, ભાઈઓ ઈરફાન અને યુસુફ પઠાણને પણ દર્શાવશે.

ભાઈ–બહેનોની આ બન્ને જોડીઓ આર જે મલિશ્કા સાથે ૫ સેકન્ડનો ખૂબ જ વિખ્યાત ટાસ્ક રમતી દેખાશે. અને ધારો કોણ? ટાસ્ક દરમ્યાન, સોનુ કકકડ પોતાની બહેન નેહા કકકડનો ક્રશ –બીજા કોઈ નહીં પણ ભારતીય ક્રિકેટ ટીમના સુકાની વિરાટ કોહલી પર હોવાનું છતું કરે છે, જે તાજેતરમાં જ અનુષ્કા શર્માને પરણી લાખો હૈયાં તોડી ચૂકેલ છે. વિરાટ કોહલી માત્ર નેહાનો મનપસંદ ક્રિકેટર જ નથી પણ તેણીને એના પર ક્રશ પણ છે! નેહાને એમ કહેતી સાંભળવામાં આવી, "મને વિરાટ પસંદ છે પણ તે અનુષ્કાને ચાહે છે!"

'એન્ટરટેનમેન્ટ કી રાત' એક કોમેડી શો છે જે રવિ દૂબે, આર જે મલિશ્કા, આદિત્ય નારાયણ અને ઘણાં બધા પ્રતિભાશાળી કલાકારોના સમુહને પોતાના નોંધપાત્ર એકટસ તથા માઈક ડ્રોપ સેસન્સ વડે પારાને ઉપર લઈ જનાર કોમેડી શો છે.

આ તમામ અને વધુ એન્ટરટેનમેન્ટ કી રાત પર પકડી પાડો, દર શનિવાર અને રવિવાર રાત્રે ૧૦-૦૦ કલાકે ફક્ત કલર્સ પર.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥
ISO 9001:2008 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
RNI No. : GUJGUJ / 2010 / 35414
Stock Market Trend
www.Investmentpoint.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

# શેરબજારમાં ચૂંટણીલક્ષી પરિણામો બાદ નફારૂપી વેચવાલી...!!!

## ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૧૧.૧૨.૨૦૧૭ થી ૧૫.૧૨.૨૦૧૭

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!!

ગત સપ્તાહે ભારતીય શેરબજાર તેજીના ખેલંદાઓની ઈચ્છા વિરુદ્ધ નફારૂપી વેચવાલી સાથે નરમાઈથી આગળ વધી રહયું હતું. જો કે લેવાલી અને વેચવાલી એમ બંને તરફી કામકાજ વચ્ચે બે તરફી વધઘટ થઈ હતી. ગ્લોબલ માર્કેટના નેગેટિવ સંકેતો, મોંઘવારી દરમાં વધારો, આઈઆઈપી ગ્રોથમાં ઘટાડો અને ગુજરાતની ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતા વચ્ચે શેરોની દરેક ઊંચા મથાળે વેચવાલી દ્વારા એશિયાઈ અને યુરોપિયન સ્ટોક માર્કેટમાં સાવચેતીરૂપી નરમાઈ જોવાઈ હતી જેની અસર ભારતીય શેરબજાર પર થઈ હતી. તેજીવાળા રોકાણકારોએ નફારૂપી વેચવાલી કરી પ્રોફિટ બુકિંગ કર્યું હતું .તેમજ ગુજરાત ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૬૮ % મતદાન થયા બાદ ફરી ચૂંટણી પ્રચાર ધમધમવા લાગ્યો છે તેમજ સત્તા પરિવર્તનની ઘટતી શકયતા પૂર્વે ફંડોએ શેરોમાં ઈન્ડેક્સ બેઝડ અફડાતફડીના અંતે વેચવાલીનું પ્રેશર કરવામાં આવ્યુ હ્તું. ચૂંટણીના પરિબળ સાથે ભારતની પરોક્ષ વેરાની આવક નવેમ્બર ૨૦૧૭માં ગત વર્ષના સમાનગાળાની તુલનાએ ૧૪.૪ % વધીને રૂ.૪.૮ લાખ કરોડ જાહેર થયાની અને ફુગાવાના નવેમ્બર વર્ષ ૨૦૧૭ મહિનાના ચાલુ સપ્તાહમાં જાહેર થનારા આંક ઘટીને આવવાની અપેક્ષાએ પોઝિટીવ અસર બજારોમાં જોવાઈ હતી. ચૂંટણીની સાથે આંતરરાષ્ટ્રીય મોરચે યુ.એસ.ફેડરલ રિઝર્વની બેન્કએ વ્યાજ દરમાં યથાવત્ રાખ્યા હતા યુરોપીય સેન્ટ્રલ બેંક(ઈસીબી)ની પણ યોજાનારી મીટિંગ પૂર્વે ફંડોનું શેરોમાં ઓલ રાઉન્ડ આકર્ષણ રહ્યું હતું. ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ બ્રેન્ટ ક્રુડ ૬૩.૩૪ ડોલર અને નાયમેક્ષ ક્રુડના ૫૭.૧૬ ડોલર નજીક જળવાઈ રહ્યા હતા.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ - ૧૭ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા

જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૦૩.૯૪ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૩૫.૨૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૩૯૫.૬૧ કરોડની વેચવાલી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૭.૪૩ કરોડની ખરીદી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી,૨૮ જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી , ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬,૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ૨૫ ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૯૭.૭૪ કરોડની ખરીદી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૩.૨૧ કરોડની ખરીદી, ૧૩ ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ. ૪૩૩૦.૩૪ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

મિત્રો, જો કે, દાયકામાં પહેલી વખત વૈશ્વિક કંપનીઓની નફાવૃદ્ધિમાં સુધારાનો સંકેત જોવા મળી રહ્યો છે અને વર્ષ ૨૦૧૭ માં કંપનીઓના નફાના અંદાજને ઘટાડવાની જરૂર પડી નથી. અમેરિકામાં કંપનીઓનો નફો ૧૪૬ના ૯.૫% એ પહોંચ્યો છે. વર્ષ ૧૯૫૦ થી તેની લાંબા ગાળાની સરેરાશ ૬.૬% છે. કંપનીઓના નફાનું માર્જિન સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું છે. યુરોપનાં બજારો પણ ધીમે ધીમે વૃદ્ધિ દર્શાવી રહ્યા છે અને ત્યાં ૧૭ વર્ષમાં પહેલી વખત કંપનીઓના નફાનો અંદાજ વધારવામાં આવ્યો છે. ૯ દેશના યુરો ઝોનમાં દાયકાની સૌથી પ્રોત્સાહક વૃદ્ધિ જોવા મળી છે. તેમજ એસ એન્ડ પી ૫૦૦ વીઆઈએક્સમાં પણ ઘટાડાનો ટ્રેન્ડ છે, તેનાથી અમેરિકાના ઈક્વિટી માર્કેટ માટે પોઝિટિવ આઉટલૂકને સંકેત છે. ટેક?નિકલ દૃષ્ટિએ ડાઉજોન્સ હજુ ઓવરબોટ ઝોનમાં છે જેનાથી નજીકના ગાળામાં સેલ સિગ્નલ મળી શકે છે. તેમજ નવેમ્બર માસ માટે જાહેર થયેલા ફુગાવાના આંકડા ઊંચા જાહેર થતા ૧૦ વર્ષિય બોન્ડ તુટીને ૧૬ માસની નીચી સપાટીએ ઉતરી આવ્યા હતા. રિઝર્વ બેંક દ્વારા ફુગાવા અંગે ચિંતા વ્યક્ત કરાયા બાદ જાહેર થયેલા ફુગાવાના આંકડા ઊંચા જાહેર થતા બોન્ડના ભાવ ઝડપથી તુટયા હતા. બીજી તરફ તેની ઉપજ વધીને ૭.૨૫ % ની ઊંચી સપાટીએ પહોંચી હતી. જે જુલાઈ ૨૦૧૬ પછીની ઉંચી સપાટી છે. તાજેતરમાં જાહેર થયેલા ફુગાવાનો આંકડો વધીને ૪.૮૮ % રહેતા રિઝર્વ બેંક સહિત અન્ય નિષ્ણાતો પણ ચિંતામાં મુકાયા છે. રિઝર્વ બેંક દ્વારા મધ્યમ ગાળા માટે ૪ % નો અંદાજ મુકાયો હતો.

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ - ૧૭ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા

જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૯૦૧.૩૨ કરોડની વેચવાલી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૭૦૪.૪૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૬,૪૭૩.૧૭ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૨૭.૫૬ કરોડની વેચવાલી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૨.૫૪ કરોડની વેચવાલી,જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૦૫૧.૪૩ કરોડની વેચવાલી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૪૬૪.૮૫ કરોડની વેચવાલી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૫,૯૯૫.૬૩ કરોડની વેચવાલી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૩,૯૬૯.૯૭ કરોડની વેચવાલી, ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૪૬૭.૭૨ કરોડની વેચવાલી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૩,૫૧૪.૭૮ કરોડની વેચવાલી, ૧૩ ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૩૮૭.૭૯ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો, નવા કેલેન્ડર વર્ષમાં ભારતીય બજારના પ્રદર્શનનો આધાર કંપનીઓની નફાવૃદ્ધિ પર રહેશે કારણ કે ઊંચા વેલ્યુએશનને કારણે નફામાં સુધારાને પગલે શેરમાં તેજીનો અવકાશ મર્યાદિત બન્યો છે એટલે વર્ષ ૨૦૧૮માં કંપનીઓના નફામાં ૧૫ % ની આસપાસ વધારો નોંધાશે તો પણ તેના આધારે બજારમાં મોટી તેજીની શક્યતા ઓછી છે. નિફ્ટી ફ્યુચર આગામી નાણાકીય વર્ષના અંદાજિત નફાના આધારે ૨૨નાઁ/ઈ રેશિયો પર ટ્રેડ થઈ રહ્યો છે જે તેને માર્કેટ કેપની રીતે ટોચનાં ૨૦ મોંઘાં બજારોમાં સ્થાન આપે છે. મોંઘું વેલ્યુએશન સૂચવે છે કે બજારે આગામી વર્ષની તીવ્ર રિકવરી ડિસ્કાઉન્ટ કરી લીધી છે.

નિફ્ટી બેઈઝ્ડ કંપનીઓના નફામાં વર્ષ ૨૦૧૮ માં અંદાજીત ૨૫% અને વર્ષ ૨૦૧૯ ના અંદાજીત ૧૮% ટકા વૃદ્ધિનો અંદાજ છે. છેલ્લાં પાંચ વર્ષથી નિફ્ટીની નફાવૃદ્ધિનો અંદાજ ઘટાડી ૫ થી ૯ % કરવો પડ્યો હતો. જો કે આગામી વર્ષ માટે ૨૫ % ની નફાવૃદ્ધિ પડકારજનક રહેશે. કારણ કે બેન્કિંગ, ફાર્મા અને ટેલિકોમ સેક્ટર તરફથી નફાવૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાનની ધારણા હતી અને આ સેક્ટર્સમાં અત્યારે ઘણા માળખાકીય અવરોધો છે.

ભારતીય અર્થતંત્રનું અતિ મહત્વનું પરિબળ બેન્કિંગ સેક્ટરમાં રિઝોલ્યુશન પ્રક્રિયા ચાલુ છે. ઉદાહરણ તરીકે બેન્કિંગ સેક્ટરની નફાવૃદ્ધિનો નિફ્ટીના કુલ વેઈટેજમાં લગભગ ૨૫% હિસ્સો છે. બેન્કોની બેડ લોનની જોગવાઈમાં ઘટાડો અને એસેટ્સ રિઝોલ્યુશન પ્રક્રિયામાં સફળતાના આધારે અત્યારે બેન્કિંગ સેક્ટરના નફામાં સારી વૃદ્ધિનો અંદાજ મૂકવામાં આવી રહ્યો છે. જો કે બજારની આગામી કસોટી ૧૮ ડિસેમ્બરે થશે. આ દિવસે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામની જાહેરાત થશે. પ્રાઈસ એક્શન સ્પષ્ટ રીતે તેજીવાળાની રોકાણકારોની તરફેણમાં છે અને ચાર્ટમાં હજુ રિવર્સલના કોઈ સંકેત મળતા નથી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના રિઝલ્ટને કારણે બજારમાં અપમૂવ મર્યાદિત બની શકે છે. ડિસેમ્બર અને ગુજરાત ચૂંટણી બાદ બજાર માટેનું આગામી ચાલકબળ બજેટ બની રહેશે. આગામી સપ્તાહથી બજેટની અપેક્ષાઓ બજારને અસર કરશે તથા ઈન્ફ્રા, એજ્યુકેશન અને એગ્રી જેવા ક્ષેત્રો ફરી રોકાણકારોનું આકર્ષણ બનશે. બજારમાં કોઈ કરેક્શન આવશે તો સ્થાનિક લિક્વિડિટીને કારણે ખરીદી નીકળશે અને જો વૈશ્વિક સ્તરે કોઈ મોટી નેગેટિવ ઈવેન્ટ નહીં બને તો આ સ્થિતિ ચાલુ રહેવાની ધારણા છે. આ વર્ષ પૂરું થઈ રહ્યું હોવાથી વૈશ્વિક રોકાણકારો નફો બૂક કરે તેવી ધારણા છે. જો કે આવા કોઈ પ્રોફિટ બૂકિંગથી બજારમાં ભારે કરેક્શન જોવા મળશે નહીં. વૈશ્વિક બજારમાં કોમોડિટીના ભાવમાં કરેક્શન આવી રહ્યું છે અને ટેક?નિકલ ચિત્રને આધારે મારું માનવું છે કે આ વર્ષના અંત સુધી બેઝ મેટલમાં નરમાઈ ચાલુ રહી શકે તેમ છે અને હેલ્થકેર થીમની પણ વિચારણા કરવી જોઈએ. આ ક્ષેત્રમાં પાંચ વર્ષમાં અનેક ગણી વૃદ્ધિની સંભાવના છે. નિફ્ટીમાં બેન્ચમાર્ક ઈન્ડેક્સ રેન્જ ૯૯૬૦ થી ૧૦૪૦૪ / ૧૦૫૦૦ પોઈન્ટ સુધી અપમૂવ ચાલુ રહી શકે તેમ છે. આ સપાટીએ થોડો અવરોધ આવી શકે છે અને હાલની સ્થિતિમાં શોર્ટ પોઝિશન લેવાનું ટાળવું જોઈએ.

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!
મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ ....!!!!



| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 20.11.2017 TO 24.11.2017 | 10308.85 | 10297.65 | 10424.00 | 10276.80 | 10445.35 | 136.50 |
| 27.11.2017 TO 01.12.2017 | 10445.35 | 10420.00 | 10465.00 | 10138.05 | 10154.25 | -291.10 |
| 04.12.2017 TO 08.12.2017 | 10154.25 | 10167.75 | 10297.90 | 10052.65 | 10291.65 | 137.40 |
| 11.12.2017 TO 15.12.2017 | 10291.65 | 10317.90 | 10400.00 | 10163.30 | 10356.60 | 64.95 |



| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 20.11.2017 TO 24.11.2017 | 25818.75 | 25825.00 | 26200.00 | 25652.05 | 25924.15 | 105.40 |
| 27.11.2017 TO 01.12.2017 | 25924.15 | 25861.00 | 26075.15 | 25211.30 | 25259.65 | -664.50 |
| 04.12.2017 TO 08.12.2017 | 25259.65 | 25300.00 | 25389.85 | 24885.90 | 25364.50 | 104.85 |
| 11.12.2017 TO 14.12.2017 | 25364.50 | 25450.90 | 25590.00 | 24944.05 | 25528.00 | 163.50 |

**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૧૧/૧૨/૨૦૧૭ ના રોજ ૧૦૩૧૭ પોઈન્ટ ખુલીને ૧૦૧૬૩ પોઈન્ટના નીચા મથાળે થી ૧૦૪૦૦ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૨૩૭ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૬૪ પોઈન્ટના ઉછાળે ૧૦૩૫૬ પોઈન્ટ બંધ થયેલ...!!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૧૧/૧૨/૨૦૧૭ ના રોજ ૨૫૪૫૦ પોઈન્ટ ખુલીને ૨૪૯૯૪ પોઈન્ટના નીચા મથાળેથી ૨૫૫૯૦ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૫૯૬ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૬૩ પોઈન્ટના ઉછાળે ૨૫૫૨૮ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૩૫૬)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૪૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૧૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૩૦૩ પોઈન્ટથી ૧૦૨૭૩ પોઈન્ટ, ૧૦૨૩૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૫૧૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૫૫૨૮)

- આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૩૩૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૨૦૨ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૫૬૦૬ પોઈન્ટથી ૨૫૬૬૦ પોઈન્ટ, ૨૫૭૭૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૭૭૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ટ્રેડીંગ સંદર્ભે ફ્યુચર સ્ટોક ધ્યાને લઈએ તો ......

**૧) ACC લિમિટેડ ( ૧૭૦૫ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૮૦ ના પ્રથમ સપોર્ટ થી ખરીદવાલાયક રૂ.૧૭૩૩ થી રૂ.૧૭૭૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!**

**૨) મહિન્દ્રા & મહિન્દ્રા ( ૧૪૮૦ ) :- આ સ્ટોક રૂ.૧૪૬૪ નો પ્રથમ તેમજ રૂ.૧૪૪૪ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફયુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૧૫૦૩ થી રૂ.૧૫૧૫ સુધી ની તેજી તરફ રીખ નોંધાવશે...!!**

**૩) સન ફાર્મા ( ૫૧૯ ) :- ૮૦૦ શેર નું ફયુચર ધરાવતો આ સ્ટોક રૂ.૪૯૬ નો પ્રથમ તેમજ રૂ.૪૮૭ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ફાર્મા સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૫૩૪ થી રૂ.૫૪૭ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!**

**- ૪) ડો. રેડી ( ૨૩૭૭ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૨૩૯૦ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૨૪૦૮ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૨૩૪૭ થી રૂ.૨૩૩૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૨૪૨૪ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!**

**- ૫) HDFC બેન્ક ( ૧૮૭૬ ) :- રૂ.૧૮૯૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૯૦૬ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! ટૂંકાગાળે રૂ.૧૮૬૩ થી રૂ.૧૮૪૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૯૧૯ ઉપર તેજી તરફી ધ્યાન...!!**

**- ૬) સેન્ચુરી ટેક્ષટાઈલ ( ૧૩૩૪ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૩૫૭ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૬૪ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૩૧૭ થી રૂ.૧૩૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૩૭૦ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!**

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક......

૧) ૫ પૈસા કેપિટલ ( ૩૧૩ ) :- ફાઈનાન્સ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૩૦૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૯૦ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૩૩૩ થી રૂ.૩૪૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૩૪૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) રામકી ઈન્ફ્રા ( ૨૨૮ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૨૦૯ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૯૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૨૪૭ થી રૂ.૨૫૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) વેલસ્પન ઈન્વેસ્ટમેન્ટ ( ૧૯૪ ) :- રૂ.૧૮૪ નો પ્રથમ તેમજ રૂ.૧૭૩ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૨૦૪ થી રૂ.૨૧૭ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) વિમટા લેબ્સ ( ૧૭૦ ) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૮૩ થી રૂ.૧૯૨ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૬૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) હિન્દ એલ્યુમિનિયમ ( ૧૩૬ ) :- રૂ.૧૨૯ નો પ્રથમ તેમજ રૂ.૧૧૬ ના સ્ટોગ સપોર્ટથી એલ્યુમિનિયમ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૧૪૬ થી રૂ.૧૫૧ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) વોટરબેઝ લિમિટેડ ( ૩૦૨ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૨૮૬ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઇઝ રોકાણ રૂ.૩૧૯ થી રૂ.૩૩૭ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) ગ્રુફીક બાયોસાયન્સ ( ૧૦૬ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૯૬ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૧૧૪ થી રૂ.૧૨૩ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૮) લિબર્ટી શુઝ ( ૨૪૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફૂટવેર સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૨૭ આસપાસ રોકાણકારે રૂ.૨૬૩ થી રૂ.૨૭૭ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૨૧૯ સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્કીપો ધ્યાને લઈએ તો

૧) જમના ઓટો ( ૭૧ ) :- ઓટો સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૭૯ થી રૂ.૮૫ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૬૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) રેલિગેર ( ૬૩ ) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે ફાઈનાન્સ સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૫૬ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૭૧ થી રૂ.૭૮ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) ખાંડવાલા સિક્યોરિટી ( ૨૪ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૧ નો પ્રથમ તેમજ રૂ.૧૯ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક સ્ટીલ સેક્ટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૩૧ થી રૂ.૩૬ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૪) PBA ઈન્ફ્રા લિમિટેડ ( ૧૯ ) :- રૂ.૧૬ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૨૨ થી રૂ.૨૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૨૮ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

**નિફ્ટી ફ્યુચર રેન્જ ૧૦૨૩૦ થી ૧૦૫૧૭ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...

## કેપ્સુલ

એક બકરીએ સિંહને કુસ્તી માટે લલકાર્યો પણ સીંહે ના પાડી દીધી.

ત્યારે બકરીએ કહ્યું, કેમ ડરી ગયો ?

હા, ડરી ગયો.. સિંહે કહ્યું કારણ કે તને તો સિંહ સાથે લડવાની વાહ વાહ મળી જશે પણ મને તો લોકો એવું જ કહેશે કે સિંહ થઈને બકરી સાથે કુસ્તી લડવા હાલ્યો તો..

૦૦૦૦

સુમસામ રસ્તા પર એક લુંટારાએ મફતલાલને ઘેરી લીધો અને બોલ્યો, તારી પાસે જે કંઈ હોય એ મારા હવાલે કરી દે નહીંતર...

નહીંતર શું...

યાર જે આપવુ હોય એ આપી દેને.. બોણીનો ટાઈમ છે.. મુડ ખરાબ ન કર..

૦૦૦

ડૉકટર : આ લો શરદીની દવા ઘરે જઈને ચા સાથે લઈ લેજો. રાતે ગરમ પાણીમાં પગ મુકીને બેસી જજો.

ચીમનલાલ : હું એવું નહીં કરી શકું મારી પાસે બુટની એક જ જોડી છે. પલળી જશે તો સવારે શું પહેરીશ ?

૦૦૦૦

પપ્પા : બોલ પપલુ, દુનિયામાં બે સહુથી શક્તિશાળી વસ્તુ કઈ છે ?

એક તો મમ્મી.. અને બીજા આપણા નાનીમા.. પપલુએ જવાબ આપ્યો..૦૦૦૦



# કાળો-કાળો કકળાટ છે

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

કાળી ચૌદસ આમ તો દિવાળી સાથે સંકળાયેલો એક મોટો તહેવાર છે. ધનતેરસ પછી અને દિવાળીની પહેલા આવે છે એવું જણાવવું ઠીક નથી. પણ ધનતેરસ ધનપૂજા, દિવાળી અંધકાર કાપવા અને કાળીચૌદસ કકળાટ કાઢવા સાથે સંકળાયેલો છે. પણ વર્ષોથી આપણે કકળાટ કાઢતા આવ્યા છીએ પણ એ જતો નથી. એ બે નંબરની વાત છે. એમ તો વાઘબારસ આવે એટલે સમજી લેવાનું કે ભઈ દિવાળીનું છેલ્લું સ્ટેશન હવે નજીક છે. વાઘબારસ આવે એ પૂર્વે મારા વર્ગના એક વિદ્યાર્થીએ મને પૂછેલું- સરજી-વાઘબારસે વાઘને મારવાનો કે વાઘને પકડવા જવાનું - વિદ્યાર્થીના આવા ભંભૂચાર જેવા જ્ઞાન બદલે એવો ગુસ્સો આવેલો કે એ વિદ્યાર્થીને એવો તો મારૂ કે વાઘ બચાવવા કંઈ કેટલાય ઉધામા-અખાડા કરી રહી છે. ત્યારે આ તહેવાર ત્રણે વિદ્યાર્થી મને આ મતલબનું પૂછતો હતો. ખેર વાઘ બચ્યા કે એમની સંખ્યામાં વધારો થયો એની ખબર નથી પણ વાઘબારસ દિવાળીના તહેવાર સાથે જોડાયેલ છે એનું ખરૂ મહત્વ શું છે. એ તો ખબર પણ નથી.

પણ વાત કાળી ચૌદસ કકળાટ કાઢવાની છે. વર્ષોથી દિવાળી આવે છે. અને એના આગળના દિવસે કાળીચૌદશ હોય કકળાટ કાઢવાનો દિવસ.. એ સાંજે ઘરની મહિલાઓ વડા-દાળવડા કે બનાવી ચાર રસ્તે મૂકી આવે છે. એટલે કે કકળાટ કાળા પાણીઓ ગયો. એમ તો ગંગા નદીમાં રોજ ખવાય એટલે ડૂબકી ખાતા કંઈ પાપ ધોવાતા નથી. પાપ તો જેમના તેમ છે. એવું જ કંઈક આ કાળીચૌદશ ના કકળાટ નું છે. હવે તો એમ પણ કહેવાય છે. કે ચાર રસ્તે દાળવડાં કે વડા મૂકે કકળાટ જતો નથી અને અનાજનો બગાડ થાય છે. દેશમાં કંઈ કેટલી આવી વાતો બાબતો ચાલતી હશે.મનાતી હશે.પણ ફેર પડતો નથી. વડા ધરાવનાર અને ગંગા માં જય હો કરીને છલાંગ લગાવનાર વધ્યા છે.કાંઈ ઘટવાના નથી એ નક્કી.

કાળી ચૌદશે કકળાટ કેટલા ટકા કાઢ્યો એનો કોઈ સરવે નથી કોઈ સરકારી આંકડા પણ કકળાટ ગયો નથી. કાઢ્યો નથી એ નક્કી. લેખકને કેટલાક નમૂના મળી ગયા છે. જુઓ એના આ પ્રમાણ.

કાળી ચૌદસ પછી દિવાળી અને દિવાળીની સવારથી જ કામકાજનું પ્રમાણ વધારે હોય એ બનવા જોગ છે એને વળી પૂરા કરી દેવાં એ પણ બનવા જોગ છે.એ પતાવવા ચાર જણા જુદા જુદા માર્ગે હતા.એક જણાએ ઉતાળવળમાં વનવે માં એન્ટ્રી મારી કે આગળ જતા એક પોલીસ કોન્સ્ટેબલે એને રોક્યો. લાઈસન્સ વગેરે માગવાની સાથે વનવેમાં ગાડી ઘૂસાડવા નો દંડ માંગ્યો. ચાલકને મોડું થતું હતું. મગજ મારી વધી કે.. ચાલકે માથા પરનું હેલમેટ પોલીસ ને ફટકારી ભાગી ગયો. ભાગનાર ભાગી ગયો અને કોન્સ્ટેબલના લમણે સાત ટાંકા આવી ગયા. બપોરના બાર વાગ્યા સુધીમાં પેલા ચારે જણા જુદા જુદા કોન્સ્ટેબલનો ને હેલ્મેટ ફટકારી ચૂક્યા.

સાંજ સુધીમાં અગિયાર કેશ થયા. પોલીસના વડાને જાણ થઈ એ તો વિચારતા રહ્યા. આખરમાં બોલી પણ ઉઠ્યા કે આ તો કાળી ચૌદશે કકળાટ ગયો કે વધ્યો.એમણે આ કિસ્સાઓ રાત્રે ભોજન ટાણે શ્રીમતી ને કહ્યું- આ તો કકળાટ હોજમની માફક ઘરમાં પેઠ્યો- વાસ્તવમાં કાળી ચૌદશનો ગમે તેટલો કકળાટ કાઢો પણ-ક્યાં જાય છે.

હેલમેટ ફટકારનારા અને બિચારા કોન્સ્ટેબલો.. જય હો કાળી ચૌદશનો-

લોકો ધનતેરસશે કે નૂતન વર્ષના દિવસે લેખન-પૂજનનો આરંભ કરે છે. મેં કાળી ચૌદશે લખવાનો વિચાર કર્યો અને બારી આગળ બેઠો વિચારી રહ્યો હતો. કે જગત આખું આજે કકળાટ ની અણી પર

ઉભુ છું ભારતને પાકિસ્તાન વચ્ચે કકળાટ પાડોશી વચ્ચે કકળાટ.. આ હાહાહા... આ અત્ર,તત્રને સર્વત્ર ભાતભાતના મામલે ફેલાયેલો, વ્યાપેલો, કકળાટ વિશે લખવું- વિચારમાં હતો ત્યાં જ પડોશણ સ્ત્રી હાથમાં દીવો અને દાળવડા લઈને નીકળ્યા-

નજર ગઈ. કાળી ચૌદશની રમતથી પારકી સ્ત્રીઓને જોવાને કકળાટ પુરૂષનસ આંખ માંગી જાય તો સારૂ.. પણ ના કૂતરાની પૂંછડી સીધી થઈ છે. ના..કાગડાઓએ મધુર સૂરથી ગીત ગાયું છે.ખેર-શાંતાબાઈના હાથમાં દીવો અને વાટકી માં દાળવડો.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## કેવા ગ્રહો રાજસત્તા અપાવે ?

રાજસત્તા દરેક વ્યકિતના ભાગ્યમાં લખાયેલ હોતી નથી પણ વ્યકિતને ધનસુખ ગ્રહો જરૂરથી અપાવતા હોય છે. રાજસત્તા સાથે દેશકાળ જોવાની ખાસ જરૂર હોય છે. પછી તે ગરીબ પરીવારમાં જ કે નથી જન્મ્યો.




અત્રે દેશકાળ માટે વ્યકિતની રહેણીકરણી, માન મોભો, રાજ-કારણ માટે જોવાતું હોય છે.

જે જાતકની જન્મકુંડળીમાં રૂચક યોગ શશ યોગ, ભદયોગ, માલવ્યયોગમાંથી કોઈપણ બે યોગો બનતા હોય તો રાજસત્તા આપનાર બને છે. તે ઉપરાંત દશમે અગ્યારમે, સુર્ય, રાહુ હોય તો સોનામાં સુગંધ ભળે છે.

દ્રષ્ટાંતકુંડળી: અત્રે આપેલ દ્રષ્ટાંત કુંડળીમાં શશ યોગમાં અને હંસયોગ બનેલ છે તેમજ દશમા ભાવમાં સૂર્ય ઉંચનો છે અને અગ્યારમા ભાવમાં રાહુ પણ ઉંચનો બળવાન છે જે આવા જાતકને અચાનક જ રાજસત્તા મળતી હોય છે તેને કોઈ મહેનત કરવી પડતી નથી. આવી વ્યકિત ભાગ્ય સાથે જ જન્મી હોય છે જે તેની યુવાનીમાં કેન્દ્ર સુધી પહોંચતી હોય છે.

**જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# એવાર્ડ વિજેતા આચાર્યાનો સાક્ષાત્કાર..

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

મનુષ્યના જીવનની સૌથી ઉત્તમ મૂડી એટલે માનવજીવનના સંસ્કારો જેમાં બે પ્રકારે તેનું સંવર્ધન થતું હોય છે એક છે હકારાત્મક પાસુ બીજુ છે નકારાત્મક વલણો..

આવા એક સંસ્કાર તીર્થમાં હું અને મારાં શ્રીમતી અચાનક જાણે રસ્તો ગુમરાહ થઈ ગયાં હોય તેમ સંસ્કાર તીર્થના મેઈન ગેઈટ ઉપર પહોંચી ગયાં.. ખરેખર આ સંસ્કાર તીર્થ શ્રમ-શિક્ષણ અને સંસ્કારના ત્રિવેણી સંગમ સમાન લાગી. આપણા રાજ્યમાં આવી સંખ્યાઓ આંગણીના વેઢે ગણી શકાય તેવી છે અને એ બધામાં અનોખી ભાત પાડતી બેનમૂન અને બેજોડ એવી સંસ્થા જો કોઈ હોય તો એક ૠષિકૂળની પરંપરાને ઉજવળ અને સંસ્કૃત કરતી સંસ્થા એટલે સંસ્કારતીર્થ આજોલ. જેના મુખ્ય સ્થાને બીરાજમાન છે શ્રી યોગીનીબહેન મજુમદાર અને શિક્ષણની મુખ્ય ધરી સાથે સંકળાયેલ છે શ્રી અંજનાબહેન પટેલ આ બન્ને પાયાના સ્તંભ બનીને અંડીખમ સેવા આપનાર મહિલાઓ વંદનીય છે

અંજનાબહેન પટેલને ગયા વર્ષે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનનો એવોર્ડ તેમની ઉત્તમોત્તમ શૈક્ષણિક અને સામાજીક સેવા માટે મળ્યો. અંજનાબહેન કન્યા વિદ્યાલય સાથે સંકળાયેલા છે એ વાત સહેજ અધૂરી ગણાય પણ એ બહેન કન્યાઓના જીવન શિક્ષણ-અને સંસ્કાર સાથે ઓતપ્રોત થઈ ગયાં છે. જેને એક જ કામ ગમે છે તેમની વિદ્યાર્થીનો સુયોજિત સમાજના વિકાસ સાથે વિકસિત થાય એવી ઉત્તમ ભાવનાના રંગે રંગાઈને આ સંસ્થામાં લગભગ અઢી દાયકાથી એ બહેન ફરજ બજાવે છે.

મારે સંસ્થામાં જઈને તેમની સાથે કેટલીક ઓફબીટ ઈન્ટરવ્યુની વાત કરવાનું મન હતું એ મારી અપેક્ષાને માન આપી અંજનાબહેને એક કોલમ રાઈટર પ્રેસરિર્પોટર તરીકે મને ખૂબ ખૂબ સન્માન સાથે તેમની ચેમ્બરમાં બેસાડ્યો.. ચા-પાણીની પ્રાથમિકતા બાદ તેમની સાથે શિક્ષણ-સંસ્કાર-સમાજ અને શ્રમને બિરદાવતી તેમની સંસ્થા લગભગ પંદરેક વિભાગોમાં વહેંચાયેલી છે. તેમની મુલાકાતના કેટલાક અંશો અહી તેમના જ શબ્દોમાં જોઈએ.

૧. પૂરું નામ-શ્રી અંજનાબહેન એન પટેલ

૨.યોગ્યતા.. એમ.એસ.સી. બીએડ. એમ.એડ.

૩. હાલનું કાર્યક્ષેત્ર-આચાર્યા-સંસ્કાર તીર્થ આજોલ.

૪. જન્મ તારીખ-૨-૦૯-૧૯૬૯ ઉંમર વર્ષ ૪૮.

૫. વ્યવસાયનું સ્થળ-કન્યા વિનય મંદિર-આજોલ.

૬. રેસીડેન્સ.. અમદાવાદ

૭. અધ્યયન અને અધ્યેતા સાથે કેવી રીતે વર્તો છો ? : પ્રેમથી.

૮. વિદ્યાર્થી વાલી અને સમાજ વચ્ચે હાર્મની જળવાય છે ? : હા..

૯. આજે ચારે તરફથી અવાજ આવે છે શિક્ષણ ખાડે ગયું છે એ વાત તમે સ્વીકારો છો ? ..

ના જરાય નહીં.. કેળવણીના માધ્યમથી શિક્ષણ સાર્થક થાય છે..સંસ્કાર મૂલ્ય ઘડતર થાય છે.

૧૦. તમારી દ્રષ્ટીએ શિક્ષણનો મુખ્ય હેતુ જણાવશો

બાળકના તન, મન અને શરીરની સુષુપ્ત શક્તિઓ બહાર લાવે એ જ સાચી કેળવણી છે.

૧૧. ટ્યુશનલક્ષી શિક્ષણપ્રથા આવકારદાયક છે ? ના....

૧૨. ટ્યુશન પ્રથા નાબુદ કરી શકાય ? કઈ રીતે ? હા.... દરેક શિક્ષક વિના મૂલ્યે બાળકને શીખવાડે ત્યારે.

૧૩. ટ્યુશન કરતી શિક્ષિકા પંદર વર્ષના કિશોર સાથે ફરાર થઈ જાય એ શું બતાવે છે ? એ તેનું શારીરિક અને માનસિક આવેગોથી ભરેલું મન દર્શાવે છે ?

૧૪.પરીક્ષાલક્ષી ટ્યુશન પ્રથાના બે મોટા ન્યુસન્સ જણાવશો ? ફક્ત પુસ્તકિયું જ્ઞાન અને ફક્ત ઔપાચારિક શિક્ષણનો વ્યાસ.

૧૫. શિક્ષણ સંસ્થાઓ ખોલીને બેઠેલા સંચાલકો હાલમાં વિદ્યાર્થી, વાલી અને સમાજને તેમના બાનમાં રાખે છે આ બાબતે તમારા વિચારો જણાવશો ?

ફીની બાબતમાં સંચાલકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને બાનમાં રાખે છે અને શિક્ષણની પ્રેસ્ટીજ બગાડે છે.

૧૬.આજના પારંગત અનુપારંગત અને ફિલસુફીની યોગ્યતા ધરાવતા શિક્ષકોનું ઓછા વેતનથી શોષણ થાય છે એ બાબતે તમે કંઈ જણાવશો ?ખરેખર મોટા ભાગની ખાનગી સંસ્થાઓ ઓછા વેતનથી શિક્ષકોનું ભયંકર શોષણ કરે છે, દુ:ખદ બીના છે.

૧૭. આપને એએમએનો એવોર્ડ મળ્યો ત્યારે આપના પતિદેવને કેવી ફીલીંગ થઈ હતી ? સારૂં લાગ્યું હતું.

૧૮.આપની શૈક્ષણિક કારકીર્દીમાં એવો કોઈ વિશેષ અનુભવ કે એવીડન્સ બનેલો હોય તો પ્રતિક્રિયા આપશો ?

બસ દીકરીઓના અનુભવ એ જ મારા અનુભવ.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# નીલમે દોસ્તી નિભાવી ટિકેશ્વરીનો જીવ બચાવ્યો

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

દેશનું આકર્ષક છત્તીસગઢ રાજય તેની આશ્ચર્યોથી ભરેલી કામણગારી ભૂમિ, અક્ષત કુદરતી સૌંદર્ય ધરાવતાં આરક્ષીણ સમૃદ્ધ જંગલો, સુંદર જળધોધ, વન્ય પશુ પક્ષીઓ અને વિવિધતાવાળી આદિવાસી સંસ્કૃતિથી સમૃધ્ધ છે. આ છત્તીસગઢનું જુનું સજનનગર રાજા રતનદેવ પહેલા દ્વારા સ્થાપવામાં ઓળખાય છે. કારણ કે આ સુંદર જગ્યાએ અનેક સરોવરો આવેલાં છે.

આ છત્તીસગઢ રાજયનું નાનું એક ગામ. તે ગામમાં બે બહેનપણીઓ રહેતી હતી. એકનું નામ નીલમ અને બીજીનું નામ ટિકેશ્વરી. નીલમ આઠ વર્ષની અને ટીકેશ્વરી ચાર વર્ષની. બંને રોજ સાથે સાથે શાળાએ જાય. લંચબોકસમાંથી બંને મળી નાસ્તો કરે, આખી શાળામાં તેમની દોસ્તીની બહુ વાતો થાય. ઘેરથી આવતાં જતાં નીલમ હંમેશા ટીકેશ્વરીનું ખુબ જ ધ્યાન રાખે, સાથે રમે, સાથે જમે અને સાથે ભમે. બંને બહેનપણીઓ નહીં પણ સગીબહેનો હોય એમ બધે સાથે જ જોવા મળે.

એક દિવસની વાત છે.

નીલમ ટીકેશ્વરીના ઘેર આવી. તેણે ટીકેશ્વરીની મમ્મીને કહ્યું, આન્ટી ટિકુને મારી સાથે રમવા લઈ જાઉં..

'ના બેટા, જોને ગરમી કેવી છે, બહાર રમવા જવું હોય તો મોડેથી જજો. હમણાં અહીં ઘરમાં રમો.'

ભલે આન્ટી, કહી નીલમ ટીકેશ્વરની સાથે રમવા લાગી.ટીકેશ્વરીના ઘરમાં પંખો ફરતો હતો છતાં ગરમી ખુબ જ લાગતી હતી. ટીકેશ્વરીની મમ્મીએ બંનેને શરબત આપ્યું. શરબત પી બંને ફરી રમવા લાગી.

નીલુ જોને ગરમી કેવી છે મારૂં તો ફ્રોક પણ ભીંજાઈ ગયું... ટીકેશ્વરીએ કહ્યું..

હાં ગરમી તો મને પણ બહુ લાગે છે.. નીલમ બોલી.ન્હાવા જઈએ તો મજા પડે નહીં.. ટીકેશ્વરીએ કહ્યું.

પણ તારી મમ્મી જવા દેશે ખરી ? નીલમે પુછયું.

તેને વળી શું પુછવાનું એ તો અંદરની રૂમમાં પંખો ચાલુ કરી સુઈ ગઈ છે.. ટીકેશ્વરીએ કહ્યું.

પણ ટીકુ એ જાગી જશે તો ?

તું ચિંતા ન કર હું મારી મમ્મીને ઓળખું છું.. એ છ વાગ્યા પહેલાં નહીં જાગે.

સારૂં તો આપણે કયાં જઈશું ?નીલમે પુછયું.

મમ્મી કપડા ધોવા જાય ત્યારે મને સામે પેલા શીતળા તળાવે લઈ જાય છે ત્યાં આપણે જઈએ.. ટીકેશ્વરીએ કહ્યું.

હાં બરાબર છે.. તળાવ નજીક પણ છે એટલે જલદી પાછા આવી જઈશું.. નીલમે કહ્યું.ના...ના.. હોં હું તો એકાદ કલાક પાણીમાં છબછબીયાં કરીને ન્હાઉં ત્યારે જ મને તો મજા આવે. મમ્મી સાથે જાઉં ત્યારે તેનાં કપડાં ધોવાઈ જાય એટલે એ ઘેર આવવાની ઉતાવળ કરે પણ મને તો ન્હાવાની એવી મજા પડે કે હું તો તળાવમાંથી બહાર નીકળું જ નહીં.. ટીકેશ્વરીએ કહ્યું.

સારૂં...સારૂં... વાતોડી જલદી તારાં કપડાં લઈ તૈયાર થઈ જા.. હું પણ ટુવાલ અને મારાં કપડા લઈને આવું છું.. એમ કહી નીલમ પોતાના ઘેર કપડા લેવા ગઈ. બંને બહેનપણીઓ કપડાં લઈ તળાવે ન્હાવા નીકળી પડી..

સાંજ ઢળવા આવી હતી. છતાં ગરમીનો પ્રકોપ ખુબ જ હતો. પશુ, પંખીઓ ઝાડના છાયામાં અને માળામાં લપાઈ ગયા હતા. રસ્તામાં અવર જવર પણ ખાસ જણાતી ન હતી. શીતલા તળવા તેમના ઘરથી નજીકમાં જ હતું. બાજુમાં શીતળા માતાની દેરી હતી તેથી ગામલોકો સૌ તેને શીતળા તળાવ કહેતા હતા.

ઉનાળાની ગરમીને લીધે તળાવમાં પાણી ઓછું થયું હતું પણ તળાવ મોટું હોવાથી પાણી ઘણું હતું. તળાવે આવી બંને બહેનપણીઓએ કીનારે કપડાં મુકયાં. આજુબાજુ કોઈ દેખાતું ન હતું.

'ટીકુ ચાલે ને નહાવા શું કરે છે ?'

કાંકરા ભેગા કરી રહેલી ટીકેશ્વરીને નીલમે કહ્યું.

અરે, જોજે હમણાં પાણીમાં કેવાં કુંડાળા થાય છે.. કહેતાં ટીકેશ્વરીએ કાંકરો તળાવના પાણીમાં ફેંકયો, કાંકરો પડયો ત્યાં પાણીમાં વમળો થવા લાગ્યાં. નીલમે પણ એક મોટો કાંકરો ઉઠાવી ફેંકયો, ધબ દઈને પાણીમાં અવાજ આવ્યો. વચ્ચેથી નાના વમળો કીનારે આવતાં સુધી મોટાં મોટાં થતાં હતા. બંને બહેનપણીઓનેઆ રમતમાં મજા પડી.. કોનો કાંકરો તળાવમાં દુર સુધી જાય છે તેની હરીફાઈ જામી તે વખતે અચાનક નીલમને વિચાર આવ્યો, ટીકુ.. ટીકુ.. જો છ વાગવા આવ્યા તારી મમ્મી જાગી જશે તો ચિંતા કરશે.. ચાલ આપણે જલદી ન્હાઈ લઈએ.. નીલમની વાત માની,ટીકુ કીનારે પહોચી ન્હાવા લાગી.. નીલમ કપડા મુકીને આવતી હતી ત્યાં ટીકુએ તેના પર પાણીની છાલક ઉડાડી.

'અરે..અરે.. ટીકુ આ શું કરે છે ?'તો જલદી ચાલને.. પહેલાં તો કહેતી હતી કે ગરમી લાગે છે ન્હાવું છે.. ટીકેશ્વરીએ કહ્યું.

'લે હું તો આ આવી ગઈ..' કહી નીલમે તળાવમાં સહેજ આગળ જઈ પાણીની જોરદાર છાલક ટીકેશ્વરીને મારી.

હવે પાણીમાં છબછબીયાં કરવાની અને એકબીજાને પાણી ઉડાડવાની બંનેને ખુબ મજા પડી રહી હતી. બંને કીનારેથી થોડે અંદર જઈ મસ્તી કરવા લાગ્યા હતા તેવામાં અચાનક ટીકેશ્વરીનો પગ લપસ્યો. તે પાણીમાં રહેલા ઉંડા ખાડામાં જઈ પડી. ટીકેશ્વરી હજુ માંડ ચાર વર્ષની હતી. તેને તરતાં કયાંથી આવડતું હોય ? એટલે પાણીમાં તે તરફડીયા મારવા લાગી. નીલમ પહેલાં તો ગભરાઈ ગઈ. તેણે આજુબાજુ જોયું કોઈ દેખાયું નહીં તેથી હીંમત કરીને ઉંડા પાણીમાં કુદી પડી. તળાવનું પાણી ત્યાં લગભગ આઠ ફૂટ જેટલું ઉંડુ હતું. નીલમને થોડું થોડું તરતાં આવડતું હતું. એટલે ડુબી રહેલી ટીકુ તરફ એ આગળ વધી. તેણે ટીકુના વાળ પકડી લીધા અને કીનારા તરફ ખેંચીને લઈ આવી. તે દરમ્યાન સાંજના સમયે શીતળા માતાની દેરીએ દર્શન કરવા આવતા લોકોએ આ બંને છોકરાઓને જોઈ નાની ટીકુ પાણી પી ગઈ હતી. તેને પ્રાથમિક સારવાર આપવામાં આવી. કોઈએ તેમના ઘેર જાણ કરી તેથી નીલમ અને ટીકેશ્વરીના માતા પિતા પણ તળાવે આવી ગયા. સૌએ કહ્યું કે, ખરેખર બંનેની દોસ્તી તો જુઓ કેવી છે ? નીલમે પોતાના જીવના જોખમે બહેનપણીનો જીવ બચાવ્યો. આ વાત આખા ગામમાં ફેલાઈ જતાં આ બંનેની દોસ્તી અને નીલમની બહાદુરના વખાણ કરતાં થાકયા ન હતા.આ બનાવ ૧૦ મે, ૨૦૧૬ ના સાંજે છ વાગ્યે બન્યો હતો.

નીલમ ધ્રુવ નામની આઠ વર્ષની બાળકીએ તેની બહેનપણી ટીકેશ્વરીનો જીવ બચાવવા માટે ખુબ જ સમયસુચકતા વાપરી તળાવમાં કુદીને પોતાના જીવની પરવા કર્યા વિના કરેલા સાહસ માટે રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યો. નીલમ ધ્રુવને ૨૩ મી જાન્યુ.૨૦૧૭ ના રોજ દિલ્હી ખાતે વડાપ્રધાનશ્રીના હસ્તે વીરતા પુરસ્કાર અપાયો.

**નટવર હેડાઉ**

# સાત સાત દાયકાથી કાશ્મીર વિવાદ ન ઉકેલવામાં કોણ ભૂમિકા ભજવી રહ્યું છે?

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

કેન્દ્રમાં ભાજપ સરકારનું શાસન શરૂ થયુ ત્યારથી કાશ્મીરમાં અશાંતિનો માહોલ સર્જાયો છે. સરકારની અણઘડ નીતિઓના કારણે કાશ્મીરમાં હિંસાના બનાવો વધ્યા છે. કાશ્મીરમાં શાંતિ સ્થાપવાના મોદી સરકારના સિદ્ધાંતોનું સુરસુરીયું થઈ ગયું છે. આ વાત કોંગ્રેસના મહામંત્રી રાહુલ ગાંધીએ પત્રકારોને જણાવી હતી. જે દેશવાસીઓને હાસ્યાસ્પદ જણાય છે. જોકે વર્તમાન સમય ભાજપ માટે સાવધાનીપૂર્વક વર્તવાનો સમય છે. આત્મ નિરીક્ષણનો પણ પ્રશ્ન છે. આજે કાશ્મીર મોરચે આઝાદી પછી સૌથી વધુ ખરાબ પરીસ્થીતિ પ્રવર્તે છે.

એક તરફ ચીન અને પાકિસ્તાન ભારત વિરોધી નારા લગાવી રહ્યું છે અને ચીન સાથેયુદ્ધની સ્થિતિની નીતિ સેવાઈ રહી છે. નોટબં, જીએસટી અને સર્જીકલ સ્ટ્રાઈક દેશ માટે ઉપયોગી પગલાં હોવા છતાં વિપક્ષ તેનો વિરોધ કર્યા કરે છે.

એક હકીકત છે કે ભ્રષ્ટાચારના મુદ્દે વ્યાપક વાતો અને પ્રચાર થયા કરે છે. આજે સાડા ત્રણ વર્ષ પછી પણ લોકપાલની નિયુક્તિ થઈ શકી નથી. વિપક્ષી નેતાઓને ત્યાં દરોડા પડે છે અને સત્તાપક્ષના નેતાઓને કલીનચીટ મળી જાય છે.વડાપ્રધાનની વારંવાર અપીલ છતાં ટોળાં દ્વારા હિંસાની ઘટનાઓ બંધ થઈ શકી નથી.

કાશ્મીરની સમસ્યામાં પાકિસ્તાન મહત્વનું તોફાની પાત્ર કહેવાય છે.ચીન પાકીસ્તાને ભારત વિરોધી પ્રચારમાં સાથ આપી રહ્યું છે. બસ આગ ચાંપવાનો ધંધો ચીને આદર્યો હોય તેવું સ્પષ્ટ જણાય છે. પાક.ના ઈશારે જ કાશ્મીરમાં હિંસાની હોળી ખેલાઈ રહી છે.

કાશ્મીરમાં કયાં સુધી હિંસા અને દેખાવો થયા કરશે ત્યાંના યુવાનોને કોણ ભરમાવી રહ્યું છે ત્યારે માત્ર પાકિસ્તાન તરફ જ આંગળી ચીંધાય છે. પાક.ના ત્રાસવાદીઓ જ કાશ્મીરી હુમલાઓને હિંસાના માર્ગે લઈ જઈ રહ્યા છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

**કાશ્મીરના યુવાનોને ભરમાવી રહેલા રાજદ્વારીઓને કડક સજા થવી જોઈએ**

# જાણો લોહીના ગ્રુપના આધારે સ્વભાવ

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

જાણો લોહીના ગ્રુપના આધારે સ્વભાવ

તમે આરામ પસંદ, ચીડીયાપણું, મધુર ભાષી, મિત્ર સ્વભાવ અથવા એકાં-કીપણું ધરાવતા ગુણો એ તમારા લોહીમાં રહેલાં છે. તમારો કારોબાર, તમને અનુકુળ છે કે નહીં, તે પણ તમારા લોહીમાં રહેલા ગુણોને આભારી છે.

ચિકિત્સકોનું માનવું એવું છે કે તમારા પોતાના લોહીનું ગ્રુપ તમારા ચરિત્ર તથા ભાગ્યને એટલું જ પ્રભાવિત કરે છે. જેટલું તમારૂં રાશીફળ અને ગોચરના ગ્રહો,જયોતિષીઓ તમારા લોહીના ગ્રુપના જ આધારે જન્મ પત્રિકાઓમાં ભવિષ્યવાણી કરતાં હોય છે.

મનુષ્યના લોહીને 'એ, બી, ઓ, અને 'એબી' એવા ચાર વિભાગમાં વહેંચવામાં આવેલ છે. 'એ' લોહીના ગ્રુપવાળી વ્યક્તિ માત્ર 'એ' તથા 'એબી' ગ્રુપ વાળી વ્યક્તિઓને જ લોહી આપી શકે છે. 'એબી' લોહીના ગ્રુપવાળી વ્યક્તિ માત્ર પોતાના જ ગ્રુપની એટલે 'એબી' વ્યક્તિને જ લોહીનું દાન કરી શકે છે. જ્યારે 'એ' ગ્રુપવાળી વ્યક્તિઓ અન્ય દરેક લોહીના ગ્રુપને પોતાનું લોહી આપી શકે છે.

દરેક લોહીના ગ્રુપનું પોતાનું એક અલગ મહત્વ હોય છે. તો શીનાકાનોમી નામના એક જાપાની ચિકિત્સકે પોતાના એક અમેરીકન મિત્રની સાથે મળીને આ દિશામાં ગહન અભ્યાસ કરીને 'ન્યુ એડ યોર બ્લડ ટાઈપ' નામનું પુસ્તક લખ્યું છે. જેમાં વિવિધ શોધોને આધારે દરેક લોહીના ગ્રુપ અનુસાર લોકોના ગુણો અને અવગુણો દર્શાવવામાં આવ્યા છે. આ પુસ્તક અનુસાર જુદા જુદા લોહીના ગ્રુપો ધરાવતી વ્યક્તિઓનો સ્વભાવ અને ગુણ આ પ્રમાણે છે.. 'ઓ ગ્રુપ' વાળી વ્યક્તિ મહેનતુ હોય છે તથા પોતાના કરેલા કામની તેઓ પ્રશંસા ચાહતા હોય છે. તેઓ પોતાના કાર્યમાં સદાય ચોક્કસ રહેતા હોય છે. તેઓ પુરૂષો સ્નેહી પ્રવૃત્તિના આદિ હોય છે. આ ગ્રુપની સ્ત્રીઓને ધન-દોલતનો મોહ હોય છે. ધનના અભાવથી પોતાની જરૂરીયાતોને પુરી કરવામાં મુશ્કેલી અનુભવતી હોય છે. આવા લોહીના ગ્રુપની સ્ત્રીઓનો સ્વભાવ ઈર્ષાળુ હોય છે.

'એ' ગ્રુપનું લોહી ધરાવતી વ્યક્તિઓ પોતાનું કાર્ય ટુકડે ટુકડે કરવામાં માને છે. તેમનું હ્રદય નાજુક અને કોમળ હોય છે. તદઉપરાંત નાની નાની વાતોને વધારે મહત્વતા આપે છે. આવી વ્યક્તિઓ મહેનતુ

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**બનાસ ડેરીના...**

**પાના નં.૧ ચાલુ**

જેથી અલગ અલગ જરૂરિયાત વાળા પશુઓને પોષણયુક્ત દાણ મળી રહે જેથી કરીને પાડી –વાછરડી, ગાય અને ભેંસનો વિકાસ સારો થાય, સારો વિકાસ થવાથી તેઓ ગુણવત્તાયુક્ત ઉંચા ફેટવાળું દૂધ આપતા થયા છે .દૂધ ઉત્પાદકોએ વર્ષો જુની કુપ્રથા જેવી કે દુધમાં પાણી નાખ્યા વગર દૂધ ઘરની બહાર લઈ જવાય નહી કે વેચી શકાય નહી તેવી અંધશ્રધ્ધાને હવે આધુનિક વૈજ્ઞાનિક યુગમાં તિલાંજલિ આપવાની ખાસ આવશ્યકતા છે. આવનારા સમયમાં ફેટ વધારવા માટે લેવાયેલા પગલાંનું પરિણામ હજુ વધુ સારું મળી શકશે.

**બનાસ મેડિકલ કોલેજ દેતાલડુવામાં**

**પાના નં.૮ ચાલુ**

દોડી આવતાં તે નાસી છુટ્યો હતો.આ શખસની હરકતોથી ગામમાં ભયનો માહોલ ફેલાવા પામ્યો હતો.જોકે આ અંગે તે મંડળીનો ગ્રાહક હોઇ તેના પિતાજીને વાત કરીશુ તો તે પૈસા પાછા અપાવી દેશે એમ માની તે દિવસે ફરીયાદ નહી કરતાં તેમ નહી થતાં શનિવારે સાંજે બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાવી હતી.પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**બનાસ મેડિકલ કોલેજ...**

**પાના નં.૮ ચાલુ**

બનાસ ડેરીના ચેરમેન અને રાજ્ય સરકારનાં મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ સ્વચ્છતા અભિયાન અંગે કહ્યું હતું કે દેશનાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ સ્વચ્છતાના આગ્રહી હતાં અને 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' એવો વિશ્વભરમાં સંદેશો આપ્યો હતો. વિકાસની દ્રષ્ટિએ બનાસકાંઠા અન્ય જિલ્લાની હરોળમાં જઈ ઉભો છે. બનાસવાસીઓ જો સ્વચ્છતાને પ્રાધાન્ય આપશે તો નાના- મોટા રોગો પણ દૂર ભાગશે. આ પ્રસંગે હું હૃદય પૂર્વક જનરલ સિવિલ હોસ્પિટલ, પાલનપુર ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે તેના બદલ સૌને અભિનંદન પાઠવું છું.

**ધાનેરામાં બન્ને ...**

**પાના નં.૮ ચાલુ**

મુખ્ય નેતાઓ એક સાથે જોવા મળ્યા ન હતા. તેમજ સમાજવાદ અને ઈતર સમાજવાદનો પવન પણ આવ્યો હતો. બન્ને પક્ષના મુખ્ય નેતાઓની અવગણના કરાઈ હોવાની અને અંદરોઅંદર ખેંચતાણનો મુદ્દો પણ ચર્ચાઈ રહ્યો છે. તેથી હાલમાં કોણ જીતશે અને કોણ હારશે તે બિલકુલ કળી શકાતું નથી. પરિણામના દિવસે જ સત્યતા જાણી શકાશે.

## ટી-૧૦ ક્રિકેટનો પ્રારંભ : આફ્રિદીએ હેટ્રિક ઝડપી,સેહવાગને ટીમને માત આપી

દુબઈ

ટી-૧૦ ક્રિકેટનો યૂએઈમાં પ્રારંભ થઈ ગયો છે. આ લીગમાં શાહિદ આફ્રિદી, વિરેન્દ્ર સેહવાગ, ઈયાન મોર્ગન, એલેક્સ હેલ્સ, મોહમ્મદ આમિર જેવા ખેલાડી રમી રહ્યાં છે. આ ટૂર્નામેન્ટમાં બેટ્સમેનોનું નસીબ પણ ચમકવાનું છે. આ ટૂર્નામેન્ટમાં સદી ફટકારનાર ખેલાડીને દૂબઈમાં ૫ લાખ દિરહમ એટલે કે ૮૫ લાખ રૂપિયાનું સ્ટુડિયો એપાર્ટમેન્ટ મળશે જ્યારે અડધી સદી ફટકારનાર ખેલાડીને હ્યુબલોટની ઘડિયાળ મળશે જેની કિંમત ૫ લાખથી શરૂ થાય છે.

ટી-૧૦ ક્રિકેટના સૌથી નવા ફોર્મેટની ટૂર્નામેન્ટ ચાર દિવસ ચાલશે. ૧૦-૧૦ ઓવરની આ લીગમાં કુલ ૬ ટીમોએ ભાગ લીધો છે.એક મેચ ૯૦ મિનિટમાં પૂર્ણ થઈ જશે. ૧૪ ડિસેમ્બરથી શરૂ થયેલી આ લીગને પસંદ કરવામાં આવી રહી છે. શાહિદ આફ્રિદીએ આ ટૂર્નામેન્ટની બીજી મેચમાં પખતુન્સ તરફથી રમતા મરાઠા અરેબિયન્સ વિરૂદ્ધ હેટ્રિક ઝડપી હતી.

આફ્રિદીની ટીમ પખતુને ૧૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવી ૧૨૧ રન બનાવ્યા હતા. પખ્તુનના ફખર જમાને (૪૫) અને લિયામ ડોસને (૪૪) રન બનાવ્યા હતા. જવાબમાં મરાઠા અરેબિયન્સ ૧૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવી ૯૬ રન જ બનાવી શકી હતી. મરાઠા અરેબિયન્સ તરફથી એલેક્સ હેલ્સે ૨૬ બોલમાં ૫૭ રન બનાવ્યા હતા.

## વધુ પડતું સનસ્ક્રીન થપેડવાથી ત્વચાનું કેન્સર થઈ શકે : અભ્યાસ

વૉશિંગ્ટન

અતિ સર્વત્ર સજ્યેત કોઇ પણ સારી ચીજ અતિ માત્રામાં ઠીક નથી. એવું જ સનસ્ક્રીનનું પણ છે. તડકામાં ફરવાનું થાય ત્યારે સનસ્ક્રીન લોશનનું પ્રોટેકશન આપવું જેટલું મહત્વનું છે એટલું જ મહત્વનું છે એનો યોગ્ય માત્રાનો ઉપયોગ. અમેરિકાની મિસોરી યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના રિસર્ચરોનો દાવો છે કે સન-પ્રોટેકશન માટેની ક્રિમમાં ઝિક્ર ઓકસાઇડ હોય છે જે શરીરના મૂળભૂત કોષો સાથે પ્રક્રિયા કરીને કેન્સર પેદા કરવા માટે જવાબદાર એવા ફ્રી રેડિકલ્સ પેદા કરી શકે છે. ઝિક્ર ઓકસાઇડ અને સુર્યપ્રકાશ બન્ને લાંબા સમય સુધી ત્વચા પર રહે તો એ અલ્ટ્રાવાયલેટ કિરણો અને આ કેમિકલ વચ્ચે પ્રક્રિયા થાય છે અને કેન્સરના એબ્નોર્મલ કોષો પેદા કરી શકે છે.ઘણા લકો વારાફરતી થોડીક-થોડીક વારે સનસ્ક્રીનની લેયર ત્વચા પર લગાવતા જ રહે છે. સનસ્ક્રીન લગાવ્યા પછી ત્વચાને સંપૂર્ણ રીતે ચોખ્ખા પાણીથી સાફ કરવી પણ એટલી જ જરૂરી છે.

## રોહિત શર્મા આ વર્ષે સૌથી વધુ રન બનાવવાના મામલામાં કોહલીને પાછળ છોડી શકે

મુંબઈ

હિટમેન રોહિત શર્માની ત્રીજી ડબલ સેન્ચુરી આજકાલ વર્લ્ડ ક્રિકેટમાં ચમકી રહી છે. શ્રીલંકા સામે મોહાલી વન ડેમાં ૨૦૮ રનની તોફાની ઈનિંગ્સના કારણે આ વર્ષે સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં રોહિત બીજા સ્થાને પહોંચી ગયો છે. રોહિતે વર્ષ ૨૦૧૭માં વિરાટ કોહલી (૧૪૬૦ રન) બાદ સૌથી વધુ ૧૨૮૬ રન બનાવ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે વર્તમાન વર્ષમાં રોહિત શર્માએ ૧૨૮૬ બોલ રમીને ૧૦૦ રનના સ્ટ્રાઇક રેટથી ૧૨૮૬ રન બનાવ્યા છે. આ વર્ષે રોહિત પાસે હજુ એક વન ડે છે, જ્યારે તે આગામી રવિવારે વિશાખાપટ્ટનમમાં શ્રીલંકા સામે વન ડે શ્રેણીની અંતિમ મેચ રમવાનો છે. ટીમ ઇન્ડિયાની પણ આ વર્ષની અંતિમ મેચ હશે. રોહિત શર્મા પોતાના શાનદાર ફોર્મને કારણે આ વર્ષે સૌથી વધુ રન બનાવવાના મામલામાં વિરાટ કોહલીને પણ પાછળ છોડી શકે છે, પરંતુ આના માટે રોહિતે એક વન ડેમાં ૧૭૫ રન બનાવવા પડશે.

## મોજા વગર શૂઝ પહેરવાથી પગમાં ઈન્ફેક્શન થઈ શકે : અભ્યાસ

ન્યુ દિલ્હી,તા.૧૬

સામાન્ય લોકો જ નહીં તમામ સેલેબ્સ પણ મોજા વગર જૂતાં પહેરે છે. આવું કરવાથી પગમાંથી દુર્ગંધ પણ આવે છે. ઓર્થોપેડિક્સનું કહેવું છે કે પગ સાથેની સમસ્યાઓથી પરેશાન લોકોની સંખ્યા વધતી જઈ રહી છે. અનેક લોકોની એવી આદત હોય છે કે તેઓ મોજા વગર જ જૂતાં પહેરી લે છે. જોકે, એક્સપર્ટની સલાહ અનુસાર આ આદત પગ માટે બિલકુલ સારી નથી હોતી. આવું કરવાથી તમારા પગમાં ઈન્ફેક્શન થઈ શકે છે. આવું કરવાથી તમારી આંગળીઓની વચ્ચે ખરજવું થઈ શકે છે. પગમાં પરસેવો થવાથી ચામડીમાં ભેજ વધે છે. જેથી ફંગલ ઈન્ફેક્શન થવાની શક્યતા વધે છે. જેથી ખરજવું, આંગળીઓ વચ્ચે ખંજવાળ વગેરે સમસ્યાઓ થાય છે.

### ૩૫૦૦૦ ઉપરાંત ૩૦૦૦નો મોબાઈલ ફોન

## ઉત્તર પ્રદેશમાં લગ્ન વેળા કન્યાને ૩૫૦૦૦ અપાશે

### સમૂહ લગ્નની યોજના હેઠળ રાહત આપવાની તૈયારી મોદીના મતવિસ્તાર વારાણસીથી શરૂઆત કરી દેવાઈ

લખનૌ

ઉત્તર પ્રદેશ સરકારે સામૂહિક લગ્ન યોજના હેઠળ હવે લગ્ન કરનાર યુવતીઓને ત્રણ હજાર રૂપિયાના મોબાઈલ ફોન આપવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત આ યોજના હેઠળ લગ્ન માટે પાત્ર કન્યાને ૩૫૦૦૦ રૂપિયા આપવામાં આવશે. આની શરૂઆત હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મતવિસ્તાર વારાણસીથી કરવામાં આવી રહી છે.

યોજના મુજબ કન્યાને માત્ર ૨૦૦૦૦ રૂપિયા મળશો આ રકમ રોકડના બદલે લાભાર્થીના ખાતામાં સીધી જમા થશે. આ ઉપરાંત ૧૦૦૦૦ રૂપિયાના કન્યા માટે વસ્ત્રો, ચાંદીના દાગીના અને વાસણ આપવામાં આવશે. વારાણસીના જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી આરકે યાદવે માહિતી આપતા કહ્યું છે કે, જરૂરિયાતવાળા લોકોને સમૂહ લગ્ન અનુદાન યોજનાથી લાભ આપવાની તૈયારી કરાવવામાં આવી છે. યાદવના કહેવા મુજબ આના માટે એક કરોડ ૬૦ લાખ ૬૬ હજાર રૂપિયા આપવામાં આવ્યા છે. અરજી કરવામાં આવ્યા બાદ લગ્નની તારીખના સંદર્ભમાં નિર્ણય લેવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, પ્રતિ દંપત્તિ ૫૦૦૦ રૂપિયા અન્યરીતે અને જાનૈયાના ભોજન ઉપર ખર્ચ કરવામાં આવશે. સમૂહ વિવાહ કાર્યક્રમમાં ઓછામાં ઓછા ૧૦ દંપત્તિ રહે તે જરૂરી છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ૨૦-૩૦મી જાન્યુઆરી વચ્ચે ૧૦૦ સામૂહિક વિવાહ કરાવવાની યોજના તૈયાર કરી છે. યોગી સરકારની આ હિલચાલથી મોટી રાહત મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. યોગી સરકાર ઉત્તર પ્રદેશમાં સ્થાપિત થયા બાદથી એક પછી એક લોકપ્રિય પગલાઓ લેવાઈ રહ્યા છે.

## તમન્ના અને રણવીર સિંહ હવે એક સાથે નજરે પડશે

યુવા પેઢીમાં રણવીર સિંહ પણ હવે લોકપ્રિયતા મેળવી રહ્યો છે. તેની પાસે સારી અને મોટા બેનરોની ફિલ્મ આવી રહી છે. તે હાલમાં સંજય લીલાની ફિલ્મને લઈને વ્યસ્ત છે. અલબત્ત આ ફિલ્મ બની ચુકી છે પરંતુ વિવાદના કારણે હજુ સુધી રજૂ કરી શકાઇ નથી. બાજીરાવ બાદ સંજયલીલાની જ પદ્માવતિ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા અદા કરી રહ્યો છે જેમાં તેની સાથે ફરી દિપિકા છે. આ ઉપરાંત તે એક ફિલ્મમાં તમન્ના ભાટિયા જેવી સુપરસ્ટાર અભિનેત્રી સાથે પણ કામ કરવા જઇ રહ્યો છે. રણવીર સિંહ પાસે હવે વધુ એક મોટી ફિલ્મ આવી હોવાના અહેવાલ મળ્યા છે. રણવીરને એક્શન ફિલ્મના જાણીતા નિર્દેશક રોહિત શેટ્ટીની ફિલ્મ હાથ લાગી ગઇ છે. આ ફિલ્મમાં તેની સાથે અભિનેત્રી તરીકેની ભૂમિકા તમન્ના ભાટિયા અદા કરનાર છે. તમન્ના ભાટિયા પણ બાહુબલી ધ બિગનિંગ નામની ફિલ્મમાં રેકોર્ડ સફળતા મેળવી ચુકી છે. આ ફિલ્મ બાદ બોલિવુડમાં તેની માંગ પણ અનેક ગણી વધી ગઇ હતી. તેની પાસે નવી નવી મોટી ફિલ્મોની ઓફર આવી રહી છે. રણવીર અને રોહિત શેટ્ટી સાથે કામ કરી રહ્યા છે તેવા સમાચાર છેલ્લા કેટલાક સમયથી આવી રહ્યા હતા. હવે નવી અને નક્કર વિગત સપાટી પર આવી છે. હવે રોહિત શેટ્ટી નવી ફિલ્મ પર કામ શરૂ કરી ચુક્યા છે. રોહિત શેટ્ટીએ પોતે કહ્યુ છે કે તે રણવીર સિંહની એનર્જી અને ઉત્સાહથી ભારે પ્રભાવિત છે. તમન્ના ભાટિયા સાઉથથી મોટી સુપરસ્ટાર અભિનેત્રી તરીકે છે. તેની માંગ ભારતીય હિન્દી ફિલ્મો કરતા દક્ષિણ ભારતની ફિલ્મોમાં વધારે છે. રોહિત શેટ્ટીએ કહ્યુ છે કે તે રણવીર સાથે કામ કરવાને લઇને આશાવાદી છે. રોહિત શેટ્ટીની ફિલ્મ હોવાથી એવી અટકળો સરળતાથી લગાવી શકાય છે કે રણવીર નવી ફિલ્મમાં જોરદાર એક્શન કરતો નજરે પડી શકે છે. ફિલ્મના નામની ટુંકમાં જાહેરાત કરાશે

### દેખ કબીરા

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

૧૯.એવોર્ડ માટે કોઈ વિશેષ ફીડબેક.. ટુંકમાં જણાવશો.., સાહેબ જે છે તે વાસ્તવિકતા છે. હું જે કર્મ કરૂ છું તે જ મારૂં ફીડ બેક ગણું છું.

૨૦. સાહિત્ય, સંગીત અને કલા વિશે તમારા વિચારો ... સંગીત ખુબ પ્રિય છે વિજ્ઞાનની શું પણ વાંચન લેખનમાં ખુબ જ દિલચસ્પી છે.

૨૧.આપના શોખ, રસના વિષયો.. વાંચન, લેખન, સાંસ્કૃતિક, સંગીત, એન્કરીંગ.

૨૨. આજના શિક્ષકો વાંચન વિમુખ થયા છે. એનું કારણ શું છે ? વ્યવસાય લક્ષી બની ગયા છે.. વ્યવસાય મળ્યો એટલે કામ પુરૂં..

૨૩.શિક્ષણમાં માર્ગદર્શિકાઓ, એસાઈમેન્ટસ, અપેક્ષિતો આ બધાનો વિસ્ફોટ થઈ ગયો છે.. આ અંગે આપના વિચારો કહેશો ? ધંધા વિકસાવવાનો રાફડો ફાટયો છે..

૨૪.રાઈટ ટુ એજ્યુકેશન એકટ મુજબ ભણતર ભારેખમ હોય કે હળવું ? એ કેવી રીતે થઈ શકે ?

ભણતર હળવું હોવું જોઈએ. બાળકો સાથે આદાન-પ્રદાન થવું જોઈએ.

૨૫. સ્ત્રી સશક્તિકરણ હોવા છતાં સ્ત્રીઓનું કામના સ્થળે ખુબ જ શોષણ થાય છે બે સુચન જણાવશો ?

હાલના સમયમાં સ્ત્રી સશકત થઈ જ નથી. પુરૂષ પ્રધાન સમાજમાં સ્ત્રી દીલગીર બની જાય છે તેની મજબુરીનો લાભ ઉઠાવાય છે.

૨૬. હું અપેક્ષા રાખું આપ એક સર્વોત્તમ શિક્ષણકર્મી તરીકે જે સન્માન મળ્યું તે સન્માન સન્માનમાં નામાંકન થાય તો સહમત છો ?

મને એવોર્ડની અપેક્ષા નથી પરંતુ હું દિકરીઓની જે સંસ્થામાં કામ કરૂં છું મારી વિદ્યાર્થીનીઓનું મારૂં શિક્ષણ એ જ મોટો એવોર્ડ છે. મને મળેલો એવોર્ડ હું મારી દિકરીઓના પ્રગતિ અને વિકાસમાં અર્પણ કરૂં છું. ભગવાને મને આ સંસ્થામાં દીકરીઓ જોડે કામ કરવાનું પ્લેટફોર્મ પુરૂં પાડયું તે અને મારો સ્ટાફ અને કાર્યકર્તાઓ એ જ મારી મૂડી છે.

છેલ્લે એવોર્ડ વિજેતા અંજનાબેન પટેલે મારૂં ખુબ સુંદર અને પ્રેમાળ સ્વાગત કર્યુ ઉપરાંત તેમના તમામ સંનિષ્ઠ સ્ટાફ મેમ્બર્સને જોતાં એવું લાગ્યું આ કોઈ ગુરુકુળ નથી પણ એક તેજસ્વી વિચારધારાવાળું ઋષિકુળ છે. પરમેશ્વર ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાન સર કરાવે અને સંસ્થા એક દેદીપ્યમાન, વિદ્યોત્તેજક મંજીલો સર કરે એ જ અભ્યર્થના..

**સંદર્ભ : અંજનાબેન પટેલ આચાર્યા સંસ્કાર તીર્થ, આજોલની મુલાકાત આધારીત**

**ડૉ. બી.પાટણવાડીયા (અમદાવાદ)**

### દ્રષ્ટીકોણ..

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

કાશ્મીરી યુવાનો તો ઠીક યુવતીઓ પણ તોફાનોમાં સાથ આવી રહી છે. આવું અગાઉના વર્ષોમાં કયારેય બન્યું ન હતું.જે હવે નજર સમક્ષ દેખાઈ રહ્યું છે. એક જ વાત યાદ કરવાની કે તેઓને હિંસા આચરનારો કયાં સુધી હિંસાના દેખાવો કર્યા કરશે ? તેનો પણ અંત આવ્યા વિના રહેશે નહીં.

આજે ભાજપની લોકસ્વીકૃતિ, જનાધાર અને લોકપ્રિયતા વધ્યાં છે. તેના સત્તાક્ષેત્રનો ૨૦૧૪ પછી ઝડપથી વિસ્તાર થયો છે.કોંગ્રેસમુકત ભારતમાંથી વિપક્ષમુકત ભારતની દિશામાં ભાજપ આગળ વધી રહ્યું છે.

જોકે કાશ્મીરના અમુક નેતાઓને વડાપ્રધાનના વકતવ્યને આવકાર આપ્યો છે. જયારે કેટલાક નેતાઓની અવળચંડાઈના કારણે યુવાનો હિંસાના રવાડે ચડયા છે. તેઓ માત્ર પોતાનું ભવિષ્ય અંધકારમાં ધકેલી રહ્યા છે.તેઓને કોઈ સાચી વાત સમજાવનાર નથી. જેથી કોંગ્રેસ મનમાં મલકાઈ રહ્યા છે અને વડાપ્રધાનની વાતનો સરેયામ વિરોધ કરી રહેલ છે.

કાશ્મીરમાં ભલે ગમે તેટલો વિકાસ થાય પરંતુ અલગતાવાદી નેતાઓ ભાજપ સરકારનો ભારે વિરોધ કરી રહ્યા છે. આજે હજ્જારો કાશ્મીરી પંડીતો હીજરત કરી ગયા છે. તેઓ તેમની માલ મિલકત મુકીને અન્ય રાજયમાં વસ્યા છે. આ એક ગંભીર બાબત છે. ભારતીય સેનાએ ગત વર્ષમાં કાશ્મીરમાં આવેલા પુરની આફતમાંથી લોકોને ઉગારી હતી અને એ જ પ્રજા આજે સેના પર પથ્થરમારો કરે છે. તેને કઈ રીતે ગળે વળગાડવામાં આવે છે.

જમ્મુ કાશ્મીરમાં બીએસએફ કેમ્પ પર વારંવાર આતંકી હુમલા થયા કરે છે. ભારતીય સૈનિકો સજ્જ હોવા છતાં આતંકીઓ જે આતંક મચાવી રહ્યા છે ત્યારે આ સંદર્ભે ભારતીય કમાન્ડોએ ખુબ જ કડક વલણ અપનાવવાની જરૂર જણાય છે.જોકે હમણાં ઉચ્ચ સુરક્ષા ધરાવતા શ્રીનગરના એરપોર્ટ નજીક આવેલા બીએસએફ કેમ્પ પર પઠાણકોટ જેવો હુમલો કરવાના આતંકવાદીઓના પ્રયાસને સુરક્ષાદળોએ નિષ્ફળ બનાવતા આતંકીઓ નાસી છુટયા હતા પરંતુ આતંકીઓ સાથે અથડામણ થતાં બીએસએફના એક આસી. સબ ઈન્સ્પેકટર શહીદ થયા એ ગંભીર બાબત કહી શકાય. જો કે વળતા જવાબમાં ભારતીય સુરક્ષા દળોએ ત્રણ આતંકી ઠાર કર્યા જેની લાશ લેવા પણ કોઈ આતંકી ઉભા રહ્યા ન હતા.

ગત મંગળવારે વહેલી સવારે આતંકીઓ અંધારાનો લાભ લઈ બીએસએફના કેમ્પમાં ઘુસવામાં સફળ થયા હતા. આશ્ચર્યની વાત એ છે કે અત્યંત સુરક્ષિત મનાતા એરપોર્ટ નજીકના કેમ્પમાં સેનાના ચક્રવ્યુહ ભેદવામાં આતંકીઓ સફળ કેવી રીતે થયા હશે ? ખરેખર તો કેમ્પની બહાર તકેદારીના અભાવે કેમ્પપર હુમલો થયો હશે તેવું ચોક્કસ માની શકાય. કેમ્પ આસપાસ ચાર સ્તરની સુરક્ષા હોવા છતાં આતંકીઓ કેમ્પ સુધી કેવી રીતે પહોંચ્યા હશે ?

### કંઈક નરમ ગરમ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

મારી નજર ગઈ કે-વિચારોમાં સરી પડચો. જે સ્ત્રી પોતે કકળાટ નું ઘર છે એ કકળાટ કાઢવા જાય છે. પણ કોનો કકળાટ કાઢવા જઈ રહી છે... હું ગડમથલમાં આવી ગયો. જેણે પાણી બાબતે, કચરા બાબતે, ડુંગળીના ફોતરા બાબતે અરે વાહન ઉભું રાખ્યા બદલ ભસતા કૂતરા બાબતે વાંદરાની ખિખિયારી બાબતે.. અવાર નવાર કાળો કકળાટ કર્યો હોય એ કાળી ચૌદશ ની રાત્રે કકળાટ કાઢવા જઈ રહી છે.

હું નવાઈમાં ડૂબ્યો- જોઈ રહ્યો. નામ હતુ શાંતિબાઈ પણ સદા અશાંતિના ઘર જેવી એ લાલ રંગની સાડી પહેરી કકળાટ કાઢવા જઈ રહી હોય- મને આમ તો અટ્ટ હાસ્ય કરવાનું મન થઈ આવ્યું. પણ-ક્યાંક અવાજ સાંભળી જાય તો-દીવોને દાળવડા એક તરફ મૂકી મારી પર જ સર્જિકલ સ્ટ્રાઈક થઈ જાય. પણ એ શાંતિબાઈ આગળ ગઈ.

અટ્ટહાસ્ય મારૂ સમાપ્ત કરીને એક જાતની રાહત અનુભવી- હાસ આજથી પોળમાં કકળાટ બંધ.અચ્છે દિન આયેગેની માફક દિવાળીથી શાંતિ શાંતિ અને ઓમ શાંતિ પથરાઈ જશે.

મને થયું.

પણ દિવાળીના દિવસે સવારે છ વાગે મજાનો દિવસ તો ઉગ્યો પણ શાંતાબાઈ એ પાણીને મામલે મારી શ્રીમતી સાથે ખાતું ખોલાવ્યું.પાણીની ડોલને ભરવા મામલે જે માથાકૂટ કરી એનાથી દિવસ યાદ રહી ગયો. જો કે મારી શ્રીમતીય ઈન્સ્પેક્ટરની ભૂમિકા અદા કરી શકતી હતી. પણ દિવાળીના સપરના દિવસે ખામોશ રહી જ્યારે શાંતાબાઈ ની રેકોર્ડ નવ વાગ્યા સુધી ચાલી મને થયુ કાલે તો કકળાટ કાઢ્યો છે. અને આજે શુભારંભ !

નવ ને પાંચે એના પતિ સાથે જય હો કરીને તૂટી પડી. દિવાળી ના તહેવારના દિવસે એનો પતિ મોડો ન્હાવા બેઠો કે ચાલુ કર્યું.. તે છેક અગિયારને દશ સુધી ચાલ્યુ. ત્યાં તો દિવાળીની અગાઉથી બોણી લેવા આવેલા ઝાડુ વાળવા વાળા ની સાથે અગિયાર ને પંદરે મંડાયા... ઓ હો હો.. એ તો એક ને દશ સુધી ચાલ્યો.

બિચારો એનો પતિ-બિરચરો..બિચોરો કહી પણ ના શક્યો,'કાલ તો મારી વહાલી કકળાટ કાઢી આવી છે.. અને આજે તો જય..'

બસ એક ને ચોવીસે વહાલી અને જપ ચાલ્યું.. ચાલ્યું..ચાલ્યું... શું કહેવું ?

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

### અજબગજબની દુનિયા

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

તો હોય છે તેમ છતાં સામેની વ્યક્તિ પોતાના જેવી ઉદ્યમી હોય તેમ ઈચ્છે છે. આ સમુહની વ્યક્તિઓને વિવાહ બાદ પોતાના ઘરમાં વધારે સુખ મળવાની સંભાવના હોય છે. આ ગ્રુપની સ્ત્રીઓ પોતાના ઘર પરિવારને યથાસંભવ સુખદ બનાવવાની કોશીશ કરે છે.'બી' ગ્રુપનું લોહી ધરાવતી વ્યક્તિઓ સ્વચ્છંદ તથા સ્વતંત્ર વિચારધારા ધરાવતી હોય છે. તેઓ પોતાના કાર્ય માટે સદા તત્પર અને મહેનતી હોય છે. તેઓ પોતાના કાર્ય પાછળ સદાય કંઈકને કંઈક યોજનાઓ બનાવતી હોય છે. આ ગ્રુપની વ્યક્તિઓ કયારેય નિષ્ફળ જોવા મળતી નથી. આ ગ્રુપના પુરૂષોને સ્વતંત્રતા ગમે છે. જ્યારે સ્ત્રીઓ ખુલ્લો સ્વભાવ, વિશ્વસનીયતા જેવા ગુણો ધરાવે છે.'એબી' ગ્રુપની લોહી ધરાવતી વ્યક્તિઓ પોતાના ઈરાદામાં પાકા હોય છે. તેઓ ભાવુક અને સંવેદનશીલ સ્વભાવ ધરાવતા હોય છે. નાની નાની વાતોમાં પણ તેઓ વારંવાર દુઃખી થતા હોય છે. આવી વ્યક્તિઓ ચહેરા પરથી શાંત અને ગંભીર દેખાય છે. તેમના તમામ કાર્યો આસાનીથી પુરા થતાં હોય છે. આ ગ્રુપની વ્યક્તિઓ પોતાના વૈવાહીક જીવનને વધારે મહત્વ આપતા હોતા નથી. તેઓ શરીરે સશકત અને દ્રઢ નિશ્ચયી હોય છે. આ ગ્રુપની સ્ત્રીઓમાં મિત્રતાનું કોઈ જ મહત્વ હોતું નથી.

હવે તમે જ વિચારો કે આપણામાં રહેલા લોહીના ગ્રુપ અનુસાર તેઓ સાચું શું કહે છે ? **કમલેશ કંસારા**

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૩૭૨૦૦-૩૭૫૦૦**
રૂપુ કાચું ૩૭૨૦૦-૩૭૫૦૦
સોનુ તોલો ૨૯૧૦૦-૨૯૪૦૦

**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૫૦**
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૭૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૫૫૦-૧૬૬૦
સીંગતેલ ૧૫ લી.૧૫૫૦
સીગતેલ ૫ લી. ૫૦૫
તિરૂપતી કપા. ૧૨૬૦
૫ લીટર ૪૦૦
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૩૦૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૫૧૦
**૧૫ લીટર સનફલાય ૧૨૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૬૦
૨ લી. ૧૬૩

**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦

**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૫૫૦-૩૬૫૦**
**ખાંડ એમ. ૩૬૫૦-૩૭૫૦**
ખાંડએલ. ૩૯૦૦

**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦

**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦

**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦

**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦

**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૧૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૯૦૦-૧૧૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦

**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૭૦૦-૮૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૪૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૭૦૦-૭૪૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૪૦૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૬૦૦-૭૦૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૮૦૦-૯૦૦

## પાટણમાં કિલાચંદ કોમ્પલેક્સ રોડ પર બાઈક રીક્ષાને અથડાતા ત્રણને ઈજા

પાટણ

પાટણમાં સ્ટેશન રોડ પર આવેલ કોહીનુર સીનેમા નજીક કિલાચંદ કોમ્પલેક્સના મુખ્ય માર્ગ પર બાઈક સ્લીપ થઈ સામે આવતી રીક્ષાને અથડાતા ત્રણ જણાને સામાન્ય ઈજા થવા પામી હતી.

જાણવા મળતી વિગત અનુસાર પાંચોટ બાજુના મહેશભાઈ ઠાકોર અને તેમના અન્ય બે મિત્રો બાઈક સાથે ગત ગુરૂવારે પાટણ આવેલ અને કોઈ કામકાજ અંગે કિલાચંદ કોમ્પલોક્સવાળા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે રોડ ખરાબ હોવાથી બાઈક સ્લીપ થતાં સામેથી આવતી રીક્ષાને બાઈક અથડાતાં બાઈક પર બેઠેલા બે યુવાનો અને રીક્ષામાં સવાર એક પેસેન્જરને હાથ- પગે ઈજાઓ થઈ હતી.

અત્રે નોંધવું ઘટે કે કિલાચંદ કોમ્પલેક્સનો રોડ છેલ્લા ઘણા સમયથી ઉબડખાબડ બની જતાં અહીંથી દ્વિચક્રી વાહન સાથે નિકળવું મુશ્કેલ બને છે. જેથી સદર રોડ પાલિકા દ્વારા પેવર બનાવવામાં આવે તે જરૂરી છે. આ માર્ગ પર સવારથી મોડી રાત્રિ સુધી લોકોની અવરજવર દવાખાનાઓમાં ખુબ જ રહેતી હોય છે. જેથી પાલિકાએ યોગ્ય કરવું જોઈએ.

## વિસનગર જૂથ અથડામણ ૩૦ લોકો સામે ગુનો દાખલ, ૨૪ લોકને ઈજા

(હિં.સ.) વિસનગર

બીજા તબક્કાના મતદાન દરમિયાન મહેસાણાના વિસનગરના એક ગામમાં ચૂંટણી બાબતે બે જૂથો વચ્ચે મારામારી થઈ હતી. પોલીસે આ કેસમાં ૩૦ લોકો સામે ગુનો દાખલ કર્યો છે. પોલીસે ૩૦ લોકો સામે રાયોટિંગ સહિતનો કેસ દાખલ કર્યો છે.

વિસનગરના હસનપુરમાં મતદાન વચ્ચે બે જૂથો બોલાચાલી બાદ આમને-સામને આવી ગયા હતા અને મારામારી પર ઉતરી આવ્યા હતા.જૂથ અડામણમાં ઘાયલ લોકોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાવામાં આવ્યા હતા

મારામારીમાં બંને પક્ષે મળીને ૨૪ લોકોને નાની મોટી ઈજાઓ થઈ હતી. તમામને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. નોંધનીય છે કે ગઈકાલે ૧૪મી ડિસેમ્બરના રોજ બીજા તબક્કાના મતદાન દરમિયાન અનેક જગ્યાએ હિંસાના બનાવો સામે આવ્યા હતા. સાણંદમાં પણ પથ્થરમારો થતા ભાજપની ગાડીઓમાં તોડફોડ કરવામાં આવી હતી.

## જમ્મુ-કાશ્મીરમાં મોડાસાનો જવાન લાપત્તા, પરિવાર ચિંતિત બન્યો

(જી.એન.એસ) મોડાસા

જમ્મુ કાશ્મીરના અખનૂર સેક્ટરમાં સેનામાં ફરજ બજાવતો અને મોડાસાના વતનનો એક જવાન લાપત્તા બનતા પરિવારજનો ચિંતિત બન્યા છે.

મોડાસાના સબલપુર ગામનો વતની લાલસિંહ મકવાણા છેલ્લા ૧૫ વર્ષ જમ્મુ કાશ્મીરમાં ફરજ બજાવે છે. જે રજાઓ પૂર્ણ થતા ગત ૧૦ તારીખે જમ્મુ જવા રવાના થયો હતો અને તેણે જમ્મુ પહોંચીને પરિવારજનો સાથે વાતચીત કરી.

જોકે ત્યાંથી અખનૂરમાં ફરજના સ્થળે તે પહોંચ્યો નથી. જેથી પરિવારજનો ચિંતિત બન્યા છે અને મોડાસા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | ભીલડી | મેથી | ૫૩૦-૫૯૧ |
| એરંડા | ૮૬૦-૮૭૦ | સુવા | ૯૨૬-૧૦૧૨ |
| રાયડો | ૬૭૮-૬૮૫ | રાયડો | ૬૫૦-૭૦૦ |
| બાજરી | ૨૪૦-૨૫૬ | જીરૂ | ૧૫૦૧-૩૫૫૨ |
| ઘઉં | ૩૧૧-૩૪૯ | વરી. | ૧૦૪૬-૧૨૮૧ |
| ગવાર | ૭૧૨-૭૨૭ | જુવાર | ૪૯૦-૬૩૦ |
| તલ | ૧૭૪૦-૧૭૭૮ | તલ | ૧૬૦૦-૧૭૦૩ |
| અડદ | ૭૫૫-૮૨૧ | મગફળી | ૬૭૦ |
| ચોળી | ૫૦૦-૬૨૧ | ઘઉં | ૩૨૧-૩૬૬ |
| મગફળી | ૭૫૦-૮૦૧ | બાજરી | ૨૪૦-૨૭૨ |
| કપાસ | ૯૨૦-૯૫૦ | બંટી | ૩૨૧-૩૫૯ |
| | ધાનેરા | અજમો | ૬૫૦-૭૪૮ |
| ઘઉં | ૨૮૦-૩૧૪ | અડદ | ૭૨૦-૯૧૧ |
| બાજરી | ૨૪૧-૨૮૯ | ગવાર | ૬૫૧-૭૩૪ |
| મગ | ૯૩૪-૯૭૦ | કપાસ | ૯૬૦-૧૦૫૪ |
| મઠ | ૫૫૩-૬૦૦ | | થરા |
| ગવાર | ૬૫૦-૭૧૨ | જીરૂ | ૩૨૦૦-૩૬૫૦ |
| બીજડા | ૧૧૦૦-૧૪૯૧ | એરંડા | ૮૫૪-૮૭૦ |
| મગફળી | ૬૫૦-૮૦૩ | રાયડો | ૬૮૦-૭૨૫ |
| રાયડો | ૬૫૦-૬૯૨ | ગવાર | ૬૪૦-૭૨૩ |
| એરંડા | ૮૪૫-૮૬૦ | ઘઉં | ૩૧૦-૩૪૩ |
| તલ | ૧૩૦૧-૧૬૪૫ | બાજરી | ૨૩૦-૨૬૨ |
| જીરૂ | ૩૧૦૦-૩૯૦૦ | તલ | ૧૪૦૦-૧૬૫૦ |
| સુવા | ૯૫૧-૧૦૧૯ | અડદ | ૬૮૦-૮૪૦ |
| વરી. | ૯૯૭ | મગફળી | ૯૦૦ |
| રાજગરો | ૭૩૩ | | ભીલડી |
| અન્ય | ૯૫૦ | એરંડા | ૮૭૫-૮૭૮ |
| | થરાદ | રાયડો | ૭૬૦-૭૭૯ |
| એરંડા | ૮૬૦-૮૬૮ | બાજરી | ૨૨૦-૨૬૩ |
| તલ | ૧૪૨૧-૧૬૦૦ | ગવાર | ૭૦૦-૭૩૩ |
| રજકાબાજરી | ૩૩૨-૩૪૦ | તલ | ૧૭૪૦-૧૭૬૩ |
| બાજરી | ૨૪૬-૨૮૮ | ર.બાજરી | ૩૮૦ |
| રાયડો | ૬૯૦-૭૧૦ | અડદ | ૭૩૦-૮૩૦ |
| જીરુ | ૩૦૦૦-૪૦૧૯ | ચોળી | ૫૮૦ |
| મગ | ૭૫૦-૯૭૫ | મગફળી | ૭૨૨-૮૦૧ |
| ઈસબ | ૧૯૦૦-૨૦૫૦ | કપાસ | ૯૧૦-૯૧૫ |
| મઠ | ૫૭૦-૬૨૫ | | સિદ્ધપુર |
| ગવાર | ૭૧૦-૭૨૫ | ઘઉં | ૩૨૮-૩૯૦ |
| | રાહ | બાજરી | ૨૦૦-૨૯૩ |
| રાયડો | ૬૯૦-૭૦૦ | જુવાર | ૫૨૦-૬૫૮ |
| એરંડા | ૮૫૦-૮૬૦ | કપાસ | ૯૦૦-૧૦૨૪ |
| બાજરી | ૩૨૫-૩૬૦ | એરંડા | ૮૨૩-૮૭૮ |
| ચિકુડી | ૮૬૦-૯૦૫ | અડદ | ૭૦૦-૮૯૧ |
| | પાટણ | રાયડો | ૬૬૦-૬૯૨ |
| એરંડા | ૮૫૦-૮૭૮ | ગવાર | ૭૦૧-૭૨૭ |

# પાટણમાં એકટીવા પર ઘરે જતાં વેપારી પર જીવલેણ હુમલો

પાટણ

પાટણ શહેરના જળચોક - સરદારબાગ વિસ્તારમાં ગત બુધવારે રાત્રે એક પિતા - પુત્ર પર હુમલો કરી લૂંટનો પ્રયાસ કરવામાં આવ્યો હતો આ હુમલામાં યુવાન વેપારીને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ.

જાણવા મળતી વિગતો અનુસાર જળચોકથી જુનાગંજ બજારના રોડ પર ઉદય ટ્રેડીંગ કંું નામની કરીયાણાની દુકાન ધરાવતા પિતા - પુત્ર બુધવારે રાત્રે દુકાન બંધ કરી દુકાનના વકરાની રકમ આશરે ૫૦૦૦૦ જેટલી રકમ પર્સમાં મુકી હતી.બંને પિતા - પુત્ર રોજના નિયમ મુજબ રાત્રે સાડા આઠે એકટીવા પર ઘરે જતાં હતા જેમાં હર્ષ ઠક્કર એકટીવા ચલાવતો હતો તેના પિતા પાછળ બેઠા હતા ત્યારે રસ્તામાં કોઈ અજાણ્યા ઈસમોએ એકટ-ીવા પર ધોકો ફટકારતા એકટ-ીવા ડગમગી ગયું હતું ત્યારે એક ઈસમે જગદીશભાઈના હાથમાં રહેલું પર્સ ખેચતા અને તે બચાવવા જગદીશભાઈએ પ્રતિકાર કરતાં એક ઈસમે તેઓના પુત્રના માથા પર ધોકો ફટકાર્યો હતો જેથી એકટીવા પડી ગયું હતું છતાં હીંમતપૂર્વક લૂંટ ચલાવતા ઈસમોનો સમાનો કરતા ઈસમો નાસી છૂટયા હતા આમ રૂા. ૫૦૦૦૦ રકમ લૂંટાતા રહી ગઈ હતી.

# પાટણ શહેરમાં મતગણતરી માટે વાહનોના પાર્કિંગ અને એસ.ટી./વાહન રૂટ નક્કી કરાયા

પાટણ

જિલ્લા મથક પાટણ ખાતે ૧૮ ડિસેમ્બરે સવારે ૦૮.૦૦કલાકથી રાજમહેલ રોડની પોલીટેકનીક કોલેજમાં ચાર વિધાનસભા બેઠકોની મતગણતરી હાથ ધરાનાર છે. મતગણતરી દરમિયાન જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીના પરામર્શમાં જિલ્લા પોલીસ વડાએ વાહનોના રૂટ અને વાહનોના પાર્કિંગની વ્યવસ્થા કાર્યરત કરી છે. જે નીચે મુજબ રહેશે. જેનો ચુસ્ત અમલ કરવા માટે તમામ સબંધિતોને તાકીદ કરાઈ છે.

ડીસા-શિહોરી રોડ તરફથી આવતા વાહનો હરિહર મહાદેવ ત્રણ રસ્તાથી ડાયવર્ટ કરી હરિહર મંદિર થઈ સત્યમ-શિવમ-સુંદરમ સોસાયટી સિધ્ધપુર રોડ ફાઈવ એલ.પી.ભવન તરફ ડાયવર્ટ કરવાના રહેશે.

ડીસા-શિહોરી રોડ તરફથી મતગણતરી સારું આવતા વાહનો ગોપાલક હાઈસ્કૂલ તથા યુનિવર્સિટી હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે પાર્કિંગ કરવાના રહેશે.

મતગણતરી સારું આવનાર ઉમેદવારોના એજન્ટોના વાહનોનું કે.ડી.પોલિટેકનિક કોલેજ ખાતે ગેટ નંબર-ર થી પ્રવેશ કરી અંદર પાક'ગ કરવાના રહેશે. મીડિયાના કર્મીઓએ સિંધવાઈ મંદિર ખાતેના ખુલ્લા મેદાનમાં તેમના વાહનો પાક'ગ કરવાના રહેશે.

રાધનપુર-સમી-હારિજ-ચાણસ્માના વાહનોનું પાક'ગ પણ યુનિવર્સિટીના હેલીપેડ ગ્રાઉન્ડ પર કરવાનું રહેશે. સિધ્ધપુર-ઊંઝા તરફથી આવતા વાહનો સિધ્ધપુર ચાર રસ્તા, સરદાર કોમ્પ્લેક્ષ ખાતે આવેલ મા એસ.ટી. વર્કશોપના ખુલ્લા મેદાનમાં પાર્ક કરવાના રહેશે.

પાટણ શહેરમાં બજાર તરફથી આવતા વાહનો કોલેજ કોમ્પ્લેક્ષના પાર્કિંગ કરવાના રહેશે.

ડીસા રોડ-સિધ્ધપુર રોડ-ઊંઝા રોડ તરફથી આવતી એસ.ટી. બસો સિધ્ધપુર ચાર રસ્તાથી નવિન રેલવે બ્રિજ ઉપરથી લીલીવાડીથીગાયત્રી મંદિરથી બસ સ્ટેશન તરફ ડાયવર્ટ કરવાના રહેશે.

ઉપરાંત મતગણતરીની કામગીરીમાં સંકળાયેલા સરકારી ચૂંટણી કર્મીઓએ તેમના વાહનો ટી.બી. ત્રણ રસ્તા ખાતેના આનંદ પ્રકાશ શૈક્ષણિક સંકુલના મેદાનમાં પાક'ગ કરવાના રહેશે.

# ભરૂચ જિલ્લામાં ઔધોગિક અકસ્માતોમાં ૧૨ કામદારોએ જીવ ગુમાવ્યા

પ્રતિ. અંકલેશ્વર

ભરૂચ જિલ્લામાં છેલ્લા સાત વર્ષની સરખામણીમાં આ વખતે સૌથી ઓછા બનાવો બન્યા છે.ભરૂચમાં ઔધોગિક અકસ્માતોમાં આ વર્ષે ૧૨૭ બનાવોમાં ૧૨ કામદારોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે ૮૦ થી વધુ કામદારોને ઈજા પહોંચી છે. છેલ્લા સાત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે સૌથી ઓછા અકસ્માતો નોંધાયા છે. ભરૂચ જિલ્લામાં સૌથી વધારે ઉદ્યોગો આવેલા છે. ત્યારે તેમાં થતાં અકસ્માતો પણ ચિંતાનું કારણ બન્યાં છે. કંપનીઓમાં બ્લાસ્ટ, ગેસ લીકેજ, આગ સહિતની ઘટનાઓમાં કામદારોને જીવ ગુમાવવાનો વારો આવતો હોય છે. જિલ્લામાં છેલ્લા ૭ વર્ષમાં કુલ ૧૫૪ કંપનીઓમાં થયેલા વિવિધ અકસ્માતોમાં ૧૮૭ લોકોના મોત નિપજ્યાં છે. અકસ્માતોમાં ૨૦૧૧ થી પ્રતિ વર્ષ ઉત્તરોઉત્તર વધારો થઈ રહ્યો હતો. ચાલુ વર્ષે ૧૨ કંપનીઓમાં ૧૨ કામદારોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે ૧૧૫ બનાવોમાં ૮૦ થી વધુ લોકો ઘાયલ થયા છે કે ગેસની અસર પહોંચી છે. ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગે જે કંપનીમાં માનવ મૃત્યુ થયું છેતેવી ૬ કંપનીઓ ઉપરાંત અન્ય કંપનીઓ મળી કુલ ૨૫ થી વધુ કંપનીઓને કલોઝર નોટીસ ફટકારી કંપની જે તે વખતે બંધ કરવાનો હુકમ કર્યો હતો. આ ઉપરાંત ૧૨ કંપની ફેટલ થતાં તેમની સામે કેસ નોંધાવ્યા છે. તો ૪૦ જેટલી કંપની સામે પણ કામદાર સુરક્ષા તેમજ ફેકટરી એકટ મુજબ કાર્યવાહી કરી છે.

# રૂપપુરની કોમર્સ કોલેજમાં રાષ્ટ્રીય મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ચાણસ્મા

"નિમા મેમોરિયલ" ગ્રામ વિકાસ ટ્રસ્ટ, રૂપપુર-ચાણસ્મા સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્મા કોલેજ ખાતે રાષ્ટ્રીય મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ પ્રસંગે ઉપસ્થિત મામલતદાર કચેરીના અધિકારીએ યુવાનોને ૧૦૦ (સો) ટકા મતદાન કરવા અને કરાવવા આહવાન કર્યું હતું. મતદાતા જાગૃતિ અભિયાન અંતર્ગત મતદાર કાર્ડની અગત્યતા,અચૂક મતદાન, નિર્ભયતાથી મતદાન, જાતિ, ધર્મ, પંથ,ધર્મથી પર રહી મતદાન કરવા પ્રિ.રોહિતકુમાર એન. દેસાઈએ વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા. આ પ્રસંગે કોલેજના વિદ્યાર્થીઓએ અને સમગ્ર સ્ટાફે મતદાન કરવા અને કરાવવા માટે પ્રતિજ્ઞા લીધી હતી.

# અંકલેશ્વર જીઆઈડીસીમાં જુગાર રમતાં ૬ને એલસીબીએ ઝડપી પાડ્યાં

પ્રતિ. અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં ઉમિયા વે બ્રિજ પાછળ ખુલ્લામાં જુગાર રમતાં ૬ લોકોને એલસીબી એ ઝડપી પાડ્યા હતા.

પોલીસ સૂત્રો વિગતો અનુસાર ભરૂચ એલસીબીના અંકલેશ્વર ટીમ દ્વારા બાતમી મળી હતી કે રોકડીયા રોડ ઉમિયા વે બ્રિજ પાછળ ખુલ્લામાં જુગાર રમાય છે. અને જેથી પોલીસે દરોડા પાડતાં જુગાર રમતા ભગતસિંહ ચંદુભાઈ પરમાર, સતીષ લાભુભાઈ વાઘાણી, મહેન્દ્રભાઈ રણછોડભાઈ પટેલ, વિપુલ વિનોદચંદ્ર, ગોવિંદભાઈ હાથીયાભાઈ ભેડાને રંગે હાથે ઝડપી પાડ્યા હતાં અને જુગારીઓ પાસેથી રોકડા રૂપિયા ૩૨ હજાર તેમજ ૬ મોબાઈલ ૧૮ હજાર મળી કુલ ૫૦ હજાર ઉપરાંતનો મુદામાલ જપ્ત કર્યો હતો. તમામ જુગારીઓ સામે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મહેસાણામાં પોલીસ કર્મીના આપઘાત કેસમાં ૪ વ્યક્તિઓ સામે ફરિયાદ

મહેસાણા

મહેસાણામાં પોલીસ કર્મીના આપઘાત કેસમાં ચાર વ્યક્તિઓ સામે શહેર એ ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. પોલીસ કર્મીની પત્નિ રિસાઈને પિયરમાં બેઠી હોઈ અને છૂટાછેડા માટે રૂા. ૧૦ લાખની માગણી કરતી હોઈ મનમાં લાગી આવતા પોલીસ કર્મીએ ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. જેની તપાસ ચાલી રહી છે. જાણવા મળતી વિગતો અનુસાર મહેસાણાના સોમનાથ રોડ સ્થિત સિલ્વર હોમ્સમાં રહેતા મંજૂલાબેન પુંજાભાઈ વણકરે અમદાવાદના કેશવલાલ પનાભાઈ ડાભી, ભાવેશ કેશવલાલ ડાભી, અને અર્ચનાબેન કેશવલાલ ડાભી સામે બુધવારે મહેસાણાએ ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર મહેસાણાના પોલીસ ક્વાર્ટસમાં બુધવારે પોલીસ કર્મી જગદીશભાઈએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. જગદીશભાઈની પત્નિ અર્ચનાબેન પિયરમાં રિસાઈને બેઠા હોઈ અને પિયર પક્ષ તરફથી તેણીને સાસરે ન મોકલતા અને છૂટાછેડા લેવા પેટે જગદીશભાઈ અને તેમના પરિવાર પાસે રૂા. ૧૦ લાખની માંગણી કરતા હોવાથી તેમજ અર્ચનાબેનને સાસરીમાં ન મોકલી અને ફોન પર પણ વાત ન કરવા દેતા હોઈ મનમાં લાગી આવતા જગદીશભાઈએ ગત બુધવારે ફાંસો ખાઈને જીવન ટુંકાવ્યું હતું.પોલીસ આ અંગે વધુ તપાસ ચલાવી રહી છે.

# વારાહીની આચાર્ય પ્રા.શાળામાં મતદાન દિવસની ઉજવણી કરાઈ

વારાહી

વારાહીની શ્રી એસ.ડી. આચાર્ય પ્રા.શાળા, વારાહીમાં મતદાન દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં શાળાના બાળકોન મતદાન અંગેની માહિતી મળે તે હેતુથી શાળામાં મતદાનનો માહોલ ઉભો કરવામાં આવ્યો હતો. જેમાં શાળાના બાળકોએ ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યા હતા. તેઓએ પોતાની કક્ષા અનુસાર પોતાના (ઉમેદવારના) ચિહ્નો- નિશાન રાખ્યા હતા. બાળકોએ મતપેટીમાં પોતાનો મત આપ્યો હતો. કોઈને પણ વોટ ન આપવા ઈચ્છતા બાળકોએ નોટાનો પણ ઉપયોગ કર્યો હતો. શાળાના આચાર્ય દેવીસિંહ આર. પરમારની આગેવાની હેઠળ શાળાની શિક્ષિકાઓ સાધનાબેન દાવડા, ભારતીબેન પરમાર, નયનાબેન પ્રજાપતિ તથા શિક્ષકો યુનુસશા ઈમામશા જાડેજા, ચેતનદાન ગઢવી તથા એસપીસી રાજેશભાઈ પ્રજાપતિ તથા સ્પોર્ટસ ટીચર મુકેશભાઈ પટેલ તેમજ ધ્રુનિકાબેન સાધુએ ભારે મહેનત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## મત ગણતરી કેન્દ્ર ખાતે ચાર કે તેથી વધુ વ્યક્તિઓને એકત્ર થવા તેમજ સેલ્યુલર-કોડલેસ-મોબાઈલ ફોન-વાયરલેસ સેટ વગેરે જેવા ઉપકરણો સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર,ઈડર,ખેડબ્રહ્મા અને પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તારની યોજાયેલી ચૂંટણીઓના મતદાનની મત ગણતરીની કામગીરી તા. ૧૮ મી ડીસેમ્બર-૨૦૧૭ ના રોજ હિંમતનગરની પોલીટેકનિક કોલેજ ખાતે હાથ ધરાનાર છે. આ કામગીરી શાંતિપૂર્વક થાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને મત ગણતરી મથકોએ મતદાની ગુપ્તતા જાળવવાના હેતુસર સાબરકાંઠા ના જિલ્લા મેજીસ્ટ્રેટ પી. સ્વરૂપને તેમને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા તા.૧૮ ડિસેમ્બર ૨૦૧૭ ના રોજ ઉપરોકત મત ગણતરી સ્થળ અને તેની આજુબાજુના ૨૦૦ મીટર સુધીના વિસ્તારમાં સવારના ૭=૦૦ કલાકથી મતગણતરી પુરી ન થાય ત્યાં સુધી ચાર કે તેથી વધુ વ્યકિતઓએ રાજ્યમાર્ગો ઉપર, શેરીઓમાં, ગલીઓમાં કે પેટા ગલીઓમાં એકત્ર થવુ નહી, સભાઓ ભરવી નહી. આ પ્રતિબંધ મતગણતરી કાર્યમાં રોકાયેલ અધિકૃત કર્મચારી/ અધિકારીઓ/મત ગણતરી એજન્ટોને મત ગણતરી સ્થળ પૂરતો લાગુ પડશે નહિં. તેમજ આ દિવસે મત ગણતરીના સ્થળે સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલ પ્રતિબંધિત વિસ્તારમાં કોઇ પણ વ્યક્તિએ મત ગણતરીના દિવસે સેલ્યુલર ફોન, કોડલેસફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન વગેરે ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહી અને તેનો ઉપયોગ કરી શકશે નહી. આ પ્રતિબંધ મત ગણતરી કાર્યમાં રોકાયેલ અધિકૃત કર્મચારી/ અધિકારીઓને મત ગણતરી સ્થળ પૂરતો લાગુ પડશે નહિં આ હુકમ હિંમતનગર શહેરમાં મત ગણતરી કેન્દ્ર તથા તેની આજુબાજુ ૨૦૦ મીટરમાં આવેલ વિસ્તારને લાગુ પડશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

# મહેસાણા એકેડેમિક એસો. અને એસપીબી પટેલ એન્જી. કોલેજનું અનોખું આયોજન

**ધોરણ ૯થી૧૨ના વિદ્યાર્થીઓ માટે આજે 'મહેસાણા માસ્ટરમાઈન્ડસ ક્વીઝ કોમ્પીટીશન'**

મહેસાણા

આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓ માટે સામાન્ય-જ્ઞાન, GK (જનરલ નોલેજ) અત્યંત અગત્યનું છે. ધોરણ ૯ થી ૧૨ પછી તો ડગલે ને પગલે સ્દ્ધની જરૂરત પડે છે. સરકારી, અર્ધ-સરકારી કે ખાનગી – કોઈપણ નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સામાન્ય-જ્ઞાનની કસોટીઓ લેવામાં આવે છે અને રોજીંદા જીવનમાં પણ તે ખુબ જ મહત્વ ધરાવે છે; તે હકીકત લક્ષમાં લઈ 'મહેસાણા એકેડેમિક એસોસિએસન' તેમજ 'સેફ્રોની ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી - એસ.પી.બી. પટેલ એન્જીનીયરીંગ કોલેજ'ના સંયુક્ત ઉપક્રમે, એક અનોખી સામાન્ય-જ્ઞાન પ્રશ્નોત્તરી સ્પર્ધા 'મહેસાણા માસ્ટરમાઈન્ડસ' ક્વીઝ કોમ્પીટીશનનું આ વર્ષે પણ આયોજન કરાયું છે. આવતીકાલે રવિવાર તા. ૧૭-૧૨-૨૦૧૭ના રોજ સેફ્રોની કોલેજ ખાતે

બપોરે ૨.૩૦ વાગ્યાથી શરુ થનારી આ રસપ્રદ સ્પર્ધામાં સમગ્ર મહેસાણા જીલ્લાના ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને ક્વીઝ કોમ્પીટીશન દ્વારા વિદ્યાર્થીઓને સ્દ્ધમાં પોતાની પ્રતિભા દર્શાવવાનું એક અનોખું અને ખુબ મોટું પ્લેટફોર્મ મળશે. આ સ્પર્ધામાં જીલ્લાની સેંકડો શાળાઓના હજારો વિદ્યાર્થીઓ ભાગ લેનાર છે. વિજેતા વિદ્યાર્થીઓને સ્માર્ટફોન, ફેબ્લેટ, ટેબ્લેટ કોમ્પ્યુટર, સ્માર્ટવોચ, હેડફોન વગેરે જેવા અત્યંત આકર્ષક અને ઉપયોગી ઈનામો અપાશે. ગત વર્ષે 'મહેસાણા માસ્ટરમાઈન્ડસ' સ્પર્ધામાં ૧૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જ્ઞાન સાથે ગમ્મતભર્યા આ કાર્યક્રમનો એલિમિનેશન રાઉન્ડ બપોરે ૨.૩૦ કલાકે, રંગારંગ કાર્યક્રમ ૪.૦૦ કલાકે, ઓડીયન્સ રાઉન્ડ ૫.૦૦ કલાકે અને ફાઈનલ રાઉન્ડ ૫.૧૫ કલાકે યોજાશે અને ૬.૪૫ કલાકે ઈનામ વિતરણ સમારોહ યોજાશે. સમારોહના અંતે સ્વરુચિ ભોજન યોજાશે. તેમ સંસ્થાની એક યાદીમાં જણાવ્યું છે.

## સરિયદમાં રાત્રે સુતેલા વેપારી પર હથિયારોથી હુમલો

પાટણ

પાટણ તાલુકાના સરિયદ ગામે આવેલા મોરબીપુરામાં કરિયાણાની દુકાન ધરાવતા વેપારી યુવક દુકાનની છજા નીચે સુધી રહ્યા હતા. ત્યારે કોઈ અજાણ્યા શખ્સોએ તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી હતી. જેઓ હાલ સારવાર હેઠળ છે. તેમની પાસે રોકડ રૂા. ૪૦ હજાર હતા. જેની લુંટ થઈ હોવાની આશંકા તેઓના પરિવારજનો સેવી રહ્યા છે.

પોલીસે પંચનામું કરીને ડોગ સ્કવોર્ડ અને એફએસએલ દ્વારા તપાસ શરૂ કરી છે, હાલમાં ભોગ બનનાર ધારપુર સિવીલમાં સારવાર હેઠળ છે.

સરસ્વતી તાલુકાના સરિયદ ગામે મોરબીપુરામાં કરિયાણાની દુકાન ચલાવતા હેમરાજભાઈ શંકરભાઈ પરમાર દુકાનના છજા હેઠળ ગત સોમવારે રાત્રે સુતા હતા. બાદમાં મધ્યરાત્રિએ કોઈ અજાણ્યા શખ્સે માથાના ભાગે તિક્ષ્ણ હથિયારથી હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. આ અંગે તેમના નાના ભાઈ શંકરભાઈએ વાગડોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ ચલાવેલ છે.

## પી.એચ.ડી.ની પદવી એનાયત

રાધનપુર

ઉપાધ્યાય પરીમલ મધુસુદનભાઈએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણમાંથી "A Performance Analysis of Selected Telecom Services Provider Companies in India" વિષય પર ડૉ.સી.એમ. ઠક્કર, પ્રિન્સીપાલ, ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ-રાધનપુરના માર્ગદર્શન હેઠળ શોધનિબંધ રજૂ કરેલ છે. તેને યુનિવર્સિટીએ માન્ય કરી પી.એચ.ડી.ની પદવી એનાયત કરેલ છે.